'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મંત્રજાપનો મહિમા

॥ ૬ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

મંત્રનો સાચો જાપ એટલે પ્રભુના વિરહનો વિલાપ.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મંત્રજાપનો મહિમા

|| ૬ ||



પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

મંત્રનો સાચો જાપ એટલે પ્રભુના વિરહનો વિલાપ.

- **PARAM BHADRANKAR MANTRA JAAP NO MAHIMA**

  Personal Diaries comprising of Divine thoughts regarding Mantra Jaap
  by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 6 / 7**

  Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 120 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhiya (Parasbhai)
  Halar | London


---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  - www.bhadrankar.com
  - www.navkarday.com
  - Amazon Kindle
  - Telegram : HastaksharNuAkshayPatra





કોઈપણ સાધના કરવાની હોય તો તેની વિધિ તો સાચવવી જ પડે. વિધિ વિના એક રોટલી પણ નથી થતી, તો સાધના તો કેવી રીતે થાય? આ ભાગમાં પૂજ્ય પંન્યાસજી મહારાજે જપવિધિના સોપાન, જપસિદ્ધિના સાધનો, નામજપના ૧૦ અપરાધ, જપથી અભેદ આદિ વિષયો બહુ વિશિષ્ટ રીતિએ જણાવ્યાં છે.

જપસિદ્ધિમાં મહત્વના ૪ અંગો તરીકે શ્રદ્ધા, એકાગ્રતા, વિશ્વપ્રેમવાસિત ચિત્ત અને બ્રહ્મચર્યને જણાવી જપસિદ્ધિના પ લક્ષણો રૂપે જ્ઞાનની ઉજજવળતા, કષાયમંદતા, તત્ત્વરમણતા, પરિણતિની નિર્મળતા તથા પ્રકૃતિની પ્રભુતા બતાવ્યાં છે. જપ બહિર્વૃત્તિનો નાશ કરી ઉપાસ્યના અનુગ્રહથી ઈચ્છિત ફલપ્રાપ્તિ કરાવે છે. શાસ્ત્રો-ગુરૂવચન-પ્રભુનામના માહાત્મ્યમાં અશ્રદ્ધા રાખવી તે અપરાધ છે, એમ કહેતાં તેઓ પ્રભુનામના ભરોસે નિત્ય કર્મ છોડવાની ના કહે છે. અજાણતાં દેવતામાં પગ પડી જાય, તેથી કાંઈ દાહ નથી થતો એવું નથી બનતું, તેમ પ્રભુનામ ગમે તે બહાને બોલાય તો પણ તે સર્વ પાપોને ભસ્મ કરી નાંખે છે, માટે પ્રભુનામજપ કરવો.

લંડનસ્થિત શ્રીજયાબેન ચુનીલાલ દોઢિયા પરિવારના પરમગુરુભકતશ્રી **પારસભાઈની** અનેરી અર્થસહાય તથા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ ભાગ્યવંતી સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ના અવિરામ પરિશ્રમને અભિનંદન.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

॥ ॐ अर्हं नमः ॥ नमो वीयरागाये ॥



નિત્ય જપસાધના:　　　　　કુહાવા, 22/11/1967

(૧) ૧૦ મિનીટથી ૪૮ મિનીટ પર્યન્ત સિદ્ધાસને બેસવું.
સિદ્ધાસનથી સર્વ રોગ મટે છે, નમ્રતા વધે છે,
૭૨૦૦૦ નાડીઓ વિશુદ્ધ થાય, રક્તનો સંચાર થાય,
પ્રભુસ્મરણમાં દત્તચિત્ત થવાય છે તથા
મોક્ષરૂપ અને મોક્ષસુખનો લાભ થાય છે.

(૨) ૐકાર બિન્દુ સંયુક્તં શ્લોકનું સુમધુર સ્વરે ગાન
અને ૧૦ મિનીટ જાપ કરવો.

(3) પાંચ મિનીટ મનને નિર્વિચાર કરવા પ્રયત્ન કરવો.

(૪) એક કલાક મૌન રહી આત્મતત્ત્વનું ચિન્તન કરવું.

(૫) પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વ જોવાનો અભ્યાસ.

(૬) ચર્ચા - વિવાદનો ત્યાગ કરીને મધ્યસ્થભાવ લાવવો.

પરમ નિર્દોષ પદ્માસન ભક્તિ - મુક્તિનું કારણ છે.
યોગાદિવિદ્યાનું સર્વાધાર અંગ છે.
પદ્માસનથી સર્વ પ્રકારની ઈષ્ટસિદ્ધિ થાય છે અને
પરમાત્મતત્ત્વમાં તલ્લીન થવાય છે.

એક અદ્ભુત અનુભવ: ૐ 9/5/70, Raj.

અક્ષયતૃતીયાને દિવસે એકાસન સહિત

શ્રી સરસ્વતી મંત્રજાપ ૨૦૦ માળા કરેલ છે.

અતિ આનંદ અને પ્રસન્નતાપૂર્વક કાર્ય થયેલ છે.

એકમાત્ર આસનાયકમાં જ ૨૦૮ મંત્રજાપ થઈ શકે છે.

ભાલના ચંદ્ર ઉપર બિરાજમાન શ્વેત વર્ણે

તીર્થંકર પરમાત્માની સ્થાપના કરીને તેમના ૧૨ અંગો

ઉપર એક એક સ્વસ્તિકના ૯ - ૯ જાપ થાય છે.

ઉન્મની ભાવ તથા શરીરનું વજન અતિઅલ્પ વર્તાય છે.

ત્યાં જ પ્રભુનું ધ્યાન થતાં

ધ્વનિમાં જ ચિત્ત ઠીક ઠીક રહે છે અને તેમ લાગે છે કે

'ચૈતન્ય એ એક મહાપ્રેમનો જ આવિષ્કાર છે.'

આ બધું જ અનિર્વચનીય છે.

જાપ વખતે કેસર, ચંદન, ધૂપાદિની અતિમધુર સુગંધ અનુભવાય છે. અરિહંતના ધ્યાન વખતે વિતરાગપ્રભુના મુખારવિંદમાંથી 'તત્વમસિ।'નો ધ્વનિ લીન બનાવે છે.

આજે જાપના સંવેદનો

જાપ કરતી વખતે વર્ણવિસ્મૃતિ અને અનાહત ધ્વનિની
અત્યંત મધુરતા અનુભવાય છે.
ધ્યાનમાં અપૂર્વ સ્થિરતા અનુભવાય છે.
ધ્યાન વખતે સર્વ દેવાધિદેવની અને
સદ્ગુરુઓની પરમ કૃપાનો સાક્ષાત્કાર થાય છે.
પૂ. હરિભદ્રસૂરિજીના ગ્રન્થોના આધારે
પ્રાથમિક ભૂમિકાથી લઈ અનુક્રમે અનુભવ દશા સુધીનું
સ્પષ્ટીકરણ મહાન ઉપકારક બની શકે.
યોગગ્રન્થના ભાવો તેમાં ઉતારી શકાય.

- Adhoi, Kutch, D. 10-10-71

જાપ માટે જરૂરી પાંચ વસ્તુઓ:

(૧) નિશ્ચિત સમય (૨) નિશ્ચિત આસન (3) નિશ્ચિત દિશા
(૪) નિશ્ચિત માળા અને (૫) નિશ્ચિત સંખ્યા.

જપમાલાદિ વડે જે જાપ તે મધ્યમ, ચિત્તની એકાગ્રતા
માટે અષ્ટદલકમલબંધ વડે જે જાપ, તે ઉત્કૃષ્ટ જાપ.

## જાપની સમયાવલી તથા અનુભૂતિ

સવારે ૩ વાગે ઉઠી કુંભક કમલબંધ નવકારની ૧ માળા. શ્વાસ લેતી વખતે ૐ તથા બહાર નીકળે ત્યારે હ્રીં, પછી બાહ્યકુંભક કરીને જેટલો વખત રહી શકે, તેટલો વખત લગી 'નમો અરિહંતાણં'ના માનસિક જાપ સાથે ભ્રૂમ-દૃશ્ય રાખવું કે : અરિહંત સમવસરણમાં સ્થિત છે. શ્વાસ અંદર જાય, ત્યારે અંદર કુંભકમાં થાય તેટલો ૐકારનો જાપ કરવો. એ રીતે સિદ્ધચક્રના વર્ણયુક્ત નવે પદનું ધ્યાન સવારે ૩ થી ૫ પર્યંત નિત્ય કરવું. સવારે ૭ થી ૧૦ નવપદયુક્ત સિદ્ધચક્રની ૨૧ માળા, બપોરે સ્વાધ્યાય, ધ્યાન, આસન, પ્રાણાયામાદિ સ્ફૂર્તિદાયક છે. એમાં સહાય કરે - પૂરક બને, તેવું જ વાંચન કરવું. નાદનું શ્રવણ, ભ્રૂમધ્યમાં અલૌકિક તેજપુંજના દર્શન, રોમરાજની વિકસ્વરતા, અદ્ભુત વસ્તુ પ્રાપ્ત કર્યાનો સંતોષ, રૂપકે મીઠો સ્વાદ, કુંભકમાં નાભિકંદની નીચે ગુદગુદનો સ્વર, ત્યાં જ્યોતિનો ભાસ વગેરે અનુભૂતિ છે.

જાપ પૂર્વે નિત્ય સ્મરવા લાયક લોકોત્તર ભાવના

જો શક્તિ મુજને મળે, તો આપું સહુને સુખ,
કર્મના બંધન ટાળીને, કાપું સહુના દુઃખ ...(૧)

મુજને દુઃખ આપી ભલે, તો પણ હું ખમું તાસ,
સુખ પીરસવા સર્વને, છે મારી અભિલાષ ...(૨)

જગના પ્રાણીમાત્રને, વ્હાલા છે જિન પ્રભુ,
માટે મન - વચન - કાયથી, સદા કરું તસ ત્રાણ...(3)

આશીર્વાદ મુજને મળો, ભવોભવ એ મુજ ભાવ,
ત્રસ સ્થાવર જીવો બધા, દુઃખિયા કો નવ થાય...(૪)

ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય,
તો સૌ જિનશાસન વિષે, સ્થાપું જગ બધાય ...(૫)

જાપ પછી સ્મરવાલાયક ભાવના

સર્વત્ર સર્વે ગુણિનો ભવન્તુ,
સર્વત્ર સર્વે શાન્તિનો ભવન્તુ;
સર્વત્ર સર્વે કૃતિનો ભવન્તુ,
સર્વત્ર સર્વે સુખિનો ભવન્તુ ।

'ખામેમિ સવ્વ જીવે ।' - ગુજરાતીમાં

ખમાવું બધા જીવને આજ પ્રીતે,
ખમો તે બધા મુજને સર્વ રીતે;
બધા જીવમાં મિત્રતાને પ્રસારું,
નહિ કોઈ સાથે રહ્યે વેર મારું.

'શિવમસ્તુ સર્વ જગતઃ ।' - ગુજરાતીમાં

બધા વિશ્વનું થાઓ કલ્યાણ આજે,
બનો સજ્જ સહુ પારકા હિત કાજે,
બધા દૂષણો સર્વથા નાશ પામો,
જનો સર્વ રીતે સુખને પામો.

જપ, જપાજપ તથા અજપાજપમાં શું ફેર ?

મનની ક્રિયા વડે થતો જપ એ 'જપ' છે.

જેમાં જપની ક્રિયા થાય છે પણ
મન તેને માત્ર સાંભળે છે, તે 'જપાજપ' છે.

મંત્રના આંદોલનોને મન માત્ર ગ્રહણ કરે છે પણ પોતે ક્રિયા કરતું નથી, ત્યારે તે 'અજપાજપ' કહેવાય છે. ઘણો કાળ માનસજાપ થયાં પછી જ તે અવસ્થા આવે છે. મન નિર્વિકલ્પ રહે છે અને મંત્રજાપ થયાં કરે છે, એ સ્થિતિ સહજાવસ્થાની પૂર્વભૂમિકા છે, ત્યાં સુધી પહોંચવા હોમ - હવન, તીર્થયાત્રા - મૂર્તિપૂજા, આસન - પ્રાણાયામ, ધ્યાન - ધારણાદિ ક્રિયા સહાયક બને છે.

અરિહંતો નાદબ્રહ્મના - સિદ્ધો જ્યોતિબ્રહ્મના પ્રતીક છે.

તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પ્રકૃતિ એ નાદબ્રહ્મનું ફળ તથા
અષ્ટકર્મ નિર્મૂળક્ષયરૂપી સિદ્ધપદ એ
જ્યોતિબ્રહ્મનું પરિણામ છે.

નાદ - જ્યોતિનો એ રીતે સમન્વય રહેલો છે.

અજપાજપ = ચક્રાનુસંધાન.

<u>અજપાજપ = શાંત અવસ્થામાં શાંત ચિત્તે જાપનું સ્મરણ.</u>

ભાષ્ય, ઉપાંશુ અને માનસજપ પછીની અવસ્થા,
જેમાં મંત્રનું ઉચ્ચારણ કરવા માનસિક પ્રયત્ન નહિ પણ
પૂર્વના પ્રયત્નથી થઈ રહેલા જાપનું માનસિક સ્મરણ છે.
રૂપાતીત ધ્યાનમાં મનની ક્રિયા સર્વથા રોકાઈ જાય છે
તથા મન આત્માકારે પરિણમી જાય છે.

અજપામાં મન વડે સ્મરણ હતું,
રૂપાતીતમાં મનની કોઈ ક્રિયા રહેતી નહિ અને
મન આત્મામાં નિમગ્ન થઈ જાય છે.

માનસજપમાં મન મંત્રાકાર બનતું હતું, અજપામાં મનથી
મંત્રનું ઉચ્ચારણ નહીં પણ માત્ર સ્મરણ રહે છે તથા
રૂપાતીતમાં મન પણ રહેતું નહિ,
માત્ર નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ રહે છે.
શુક્લધ્યાનમાં માત્ર આત્માનુભૂતિ હોય છે,
તે માટે કુંડલિની ઉત્થાનની આવશ્યકતા છે.

અજપાજપ = અંદર થઈ રહેલા જપનું માત્ર મનથી શ્રવણ.
એ શ્રવણ વખતે મનથી ઉચ્ચારણ નહિ પણ
શાન્ત મનથી માત્ર શ્રવણ છે.

વૈખરીમાં વાણીથી - મધ્યમામાં મનથી ઉચ્ચારણ છે.
મન મંત્રાકારે બને છે, અજપાજપમાં મન મંત્રાકાર થતું
નહિ પણ શાંત રહીને માત્ર સાક્ષીરૂપે શ્રવણ કરે છે.

મંત્ર = મનનું રક્ષણ કરે તેવો અક્ષરોનો સમુદાય.

મનનું રક્ષણ = મનને સંકલ્પ - વિકલ્પોરહિત બનાવવું.

મંત્રનું ઉચ્ચારણ વૈખરી વાણીની જેમ મધ્યમા, પશ્યંતી
વગેરેથી ય થાય. મધ્યમાથી થાય, તે માનસ જપ તથા
પશ્યંતીથી થાય, તે અજપાજપ છે.

તે ઉચ્ચારણ જ્યારે અનાહતમાં મળી જાય છે, ત્યારે
તે પરાવાણીરૂપે રહે છે, તેથી તેને પણ 'મંત્ર' કહેવાય છે.

આરાધ્યનું ધ્યાન પણ મંત્રનું ધ્યાન છે, કેમકે
તે ધ્યાન મનને નિર્વિકલ્પ બનાવે છે. વળી મંત્રનું
પ્રયોજન પણ મનને સંકલ્પ-વિકલ્પરહિત કરવું તે છે.

આરાધકના ધ્યાનથી કાર્ય સિદ્ધ થાય છે, તેથી તે મંત્રરૂપ
છે અને તેમાં વર્ણાત્મક મંત્ર ધ્વન્યાત્મક બની જાય છે.
તે ધ્વનિ અનાહત ધ્વનિ છે. તેને 'પરાવાણી' કહેવાય છે.

આ નામસ્મરણ મંત્રના અજપાજપ થકી...
કુંડલિની રૂપ શબ્દબ્રહ્મની જાગૃતિ અને
તે માટેની ચાવી - રહસ્યભૂત વસ્તુ.

અર્થભાવનાપૂર્વક થતો મહામંત્રનો જાપ
આત્મશક્તિનું જાગરણ કરવામાં પરમ સહાયક બને છે.

અર્થભાવના થકી અર્થની વિચારણા, એટલો જ માત્ર
તેનો અર્થ નથી, કિન્તુ કુંડલિની શક્તિરૂપ શબ્દબ્રહ્મરૂપ
અર્થમાં મંત્રાક્ષરોનું મળી જવું, જેથી જાપ સ્વયમેવ થયાં કરે.
અજપાજપની એક નિર્વિકલ્પ ચિત્તની સ્થિતિ ચાલ્યા કરે.
નામસ્મરણથી પાપનાશ - વિભાવનાશ થાય છે તથા
તેનાથી મંગલલાભ, સ્વભાવલાભ તથા
આત્મભાવનો લાભ - જ્ઞાનદર્શનોપયોગ થાય છે.
વિભાવ અર્થાત્ અનાત્મભાવ, રાગ-દ્વેષની વૃત્તિ.

## અજપાજપનું રહસ્ય

'જપને મન કરે અને સાધક તેને સાંભળે'
એ રીતે જપ કરવાવાળો અને તેને સાંભળવાવાળો-
એમ બે વ્યક્તિ પૃથક્ પૃથક્ પડી જાય છે.
જપ કરવાવાળું મન અને એને સાંભળવાવાળી બુદ્ધિ,
બંનેની ભિન્નતા થતાં જ બુદ્ધિ શાંત તથા સ્થિર બની
જાય છે અને પછી મનનો જપ પણ છૂટી જાય છે.
'બુદ્ધિ સ્થિર થવાની સાથે જ આત્મ-સાક્ષાત્કાર'નો માર્ગ
સ્વતઃ સહજ સ્વભાવથી ખૂલવા લાગે છે.
આ વિધિ પ્રકૃતિથી પુરુષને ભિન્ન કરવા અને પોતાની
આત્મસત્તાનો અનુભવ કરવા સહજ-સુગમ ઉપાય છે.

## ઈશ્વરનું નામજપ છે નૌકા

સંસારરૂપી નદીના કાંઠે પહોંચવા માટે થડીયા જેવા
સ્થૂલ - સાંસારિક પદાર્થો ઉપર આધાર નહીં રાખતાં
સૂક્ષ્મ હોડી જેવા ઈશ્વરના નામ ઉપર આધાર રાખશો,
તો નિઃશંકપણે સંસારનદીને પાર ઉતરશો.

## જપ - ઉપાસનાનો ફલિતાર્થ

'ઉપાસના' શબ્દનો પ્રયોગ પરમાત્માના ધ્યાન, સ્તુતિ, જપ વગેરેમાં રૂઢ છે. ઉપાસના દ્વારા પરમાત્માની મોક્ષાવસ્થા યા દેહરહિત શુદ્ધાવસ્થાનું સ્મરણ કરાય છે. પરમાત્માની સાથે જીવાત્માની સમાનતાની અનુભૂતિ પ્રગટ કરાય છે. ઉપાસના ભાવનાત્મક હોવાથી તે માટે

પાર્થિવ શરીરની ઉપસ્થિતિ આવશ્યક નથી.

તે અંતઃકરણ કે આત્મા વડે કાલ્પનિક રૂપમાં થઈ શકે.

જાપની અંતિમ સ્થિતિમાં

કોઈપણ પ્રકારનાં શબ્દોની આવશ્યકતા રહેતી નથી.

કેવળ અદ્વૈત અનુભૂતિ જ કાયમ રહે છે.

## અજપાજાપની વ્યાખ્યા

જેમાં મંત્રોચ્ચારનો પ્રયત્ન નથી, કિન્તુ

માત્ર મંત્રશ્રવણ છે, તે અજપાજાપ છે.

તે શ્રવણ કોઈ ધ્વનિનું નથી પણ માત્ર માનસિક તરંગો છે.

મનની ક્રિયા માત્ર સાક્ષીરૂપ હોય છે, વ્યાપારરૂપ નથી.

## અનન્ય ભક્તિનાં ૫ સાધનો

(૧) અજપાજપ (૨) ભગવત્પ્રેમ (૩) સત્ય વચન

(૪) સમદર્શિત્વ (૫) વાસનારહિતતા.

ભક્તિયોગમાં જપ સાથે સગુણ-નિર્ગુણભાવ આવે.

જીહ્વાથી જાપ ૧ વર્ષ, કંઠથી જાપ ૨ વર્ષ,
હૃદયથી જાપ ૨ વર્ષ, નાભિથી જાપ ૭ વર્ષ.
એ રીતે કુલ ૧૨ વર્ષ સુધી સતત જાપ કરવાથી
મનુષ્ય મોક્ષસ્વરૂપ થઈ જાય છે અને
એને આત્મસાક્ષાત્કાર થાય છે.

તે માટે એક વખત ભોજન, અલ્પનિદ્રા, સાધના ગુપ્ત,
ભૂમિશયન, મૌન અને એકાન્તવાસ રાખવું આવશ્યક છે.

મંત્રજાપ પરમ પ્રેમ, શ્રદ્ધા, સાવધાનીપૂર્વક અને
સંપૂર્ણ એકાગ્રતાથી થવો જોઈએ કે:

'જેના ચરણકમળોના ધ્યાન-સમાધિ દ્વારા ધોવાયેલી
બુદ્ધિ વડે આત્માનું પરમાત્મપણું સમજાય છે,
તે પરમાત્મા મારા ઉપર પ્રસન્ન રહો.'

# મંત્રજાપ દ્વારા પરમાત્મા સાથે મિલન

મંત્રજાપથી પ્રભુ જ શ્રદ્ધાને પાળે, પોષે અને વૃદ્ધિ કરે છે.

જ્યાં શ્રદ્ધા હોય, ત્યાં નમ્રતા હોય છે.

સાચો જાપ એક પ્રકારનો વિરહનો વિલાપ છે.

વિરહ કોની સાથે છે? પ્રભુજીની ભાવદયા સાથે છે.

કેટલા કાળથી? અનાદિકાળથી.

વિરહ શાથી? કૃતઘ્નતાની નિષ્ઠુર, ક્રૂર અને અસરાળ વૃત્તિથી.

તેને દૂર કરવાનો ઉપાય શો? વિલાપ કરવો.

તે વિલાપ ક્યારે થાય? એ ભાવદયાનો વિરહ સાલે ત્યારે.

એ વિરહ સાલે ક્યારે? પ્રભુની ભાવદયાનો મિલાપ થતાં જ.

જાપનો મુખ્ય આશય તો મંત્રાક્ષરોમાં મગ્ન દ્વારા જીવાત્માનો પરમાત્મા સાથે ઐક્ય સાધવાનો જ છે.

'મંત્રાધિરાજ રહસ્ય' મુજબ મંત્રજાપના ૧૩ પ્રકારો

(૧) રેચક (૨) પૂરક (૩) કુંભક (૪) સત્ત્વ

(૫) રજસ્ (૬) તમસ્ (૭) સ્થિરકૃતિ (૮) સ્મૃતિ

(૯) હક્કા (૧૦) નાદ (૧૧) ધ્યાન (૧૨) ધ્યેયૈક્ય (૧૩) તત્ત્વ.

વાસુદેવતાના વચનરૂપ મંત્રનું ઉચ્ચારણ તે 'જપ' છે.

'મંત્રરાજનું અભિધેય પ્રધાન પરમેષ્ઠિ છે. તે જ પરમ તત્ત્વ છે અને તે જ જીવના આત્માનો સ્વભાવ છે' એવું પુનઃ પુનઃ આંતરિક પરામર્શન તે ઉત્તમોત્તમ જપ છે.

એવા પુનઃ પુનઃ પરામર્શનના સદ્ભાવથી નાદના જે સતત આંદોલનો ઉત્પન્ન થાય છે, તે તાત્ત્વિક જપ છે.

'જપ તપ સંયમ સાધન સબ સુમિરણ કે માંહી:
કહે કબીર જાને ભક્તજન સુમિરણ સમ કછુ નાંહી.'

સ્મરણ એવા મંત્રનું કરવું જોઈએ,
કે જેને ન આદિ હોય, ન મધ્ય હોય કે ન અંત હોય.
એવો મંત્ર કોઈ સંત મહાત્મા પાસેથી જાણી લેવો જોઈએ.
સંત તે છે કે જે એવા મહામંત્રને આપણા ઘટમાં બતાવે.

લોકોના આત્માનું હિત થાય, તેવા
મહામંત્ર આદિને નહીં આપનારા સાચા સંતો ન ગણાય.
સાચા સંતના સમાગમથી જે મહામંત્રની પ્રાપ્તિ થાય,
તે જ સત્સંગતિનું મોટું ફળ છે.

સં. ૨૦૨૭, આસો સુદી ૫, ગુરૂવાર, તા. 23-૯-૭૧

૪ પ્રકારનો જાપ: (૧) સ્પષ્ટોચ્ચાર રૂપ વૈખરી વાણીથી જપ કરવો, તેને 'ભાષ્યજપ' કહે છે.

(૨) સારી રીતે ભાષ્યજપ કર્યા પછી કંઠગત મધ્યમા વાણીથી જપ કરવો, તેને 'ઉપાંશુ જપ' કહેવાય છે. બીજા ન સાંભળી શકે પણ અંદરથી રટણરૂપ હોય, તે ઉપાંશુ.

(૩) ઉપાંશુ જાપ સિદ્ધ થયાં પછી હૃદયગત પશ્યંતી વાણીથી જપ કરવો, એ 'માનસજપ' કહેવાય છે. જે માત્ર મનની વૃત્તિઓ વડે જ થાય છે અને પોતે જ તેનો અનુભવ કરી શકે છે, તે માનસજપ.

(૪) માનસજપ સારી રીતે સિદ્ધ થતાં નાભિગત પરાવાણીથી જે જાપ કરાય, તે 'અજપાજાપ' કહેવાય છે. આ સ્થિતિમાં જપનો પ્રયત્ન કર્યા વિના પણ અખંડ જપ ચાલતો રહે છે અને તેથી શરીરના રોમરોમમાં ઇષ્ટ દેવનું રટણ ચાલી રહ્યું હોય છે. આવો જાપ થતાં જાપકને અનિર્વચનીય સુખનો અનુભવ થઈ વિકારો નાશ પામે છે.

માનસિક જપ ફક્ત હૃદયથી થાય છે.

પરમધન = પ્રભુ. નામી કરતાં નામનું મહાત્મ્ય મોટું છે.
કરીએ કર્મ કરી નથી, મન પ્રભુને સોંપો. જાપ વડે
કરવો માળાઓ નહીં પણ મનનો મણકો ફેરવવાનો છે.

જાપના પાંચ પ્રકાર

શબ્દજાપ, મૌનજાપ, સાર્થજાપ, ચિત્તસ્થજાપ, ધ્યેયૈક્યજાપ.

અર્થની ભાવનાવાળો સાર્થ અને
ધ્યેયની સાથે આત્માનું ઐક્ય સધાય,
તે જાપની સિદ્ધિ, તેનું નામ જાપસ્વરૂપ.
પ્રત્યેક ક્ષેત્રમાં સામાયિક - સમત્વ - ધ્યાનની જરૂર છે.

'અરિહંત' શબ્દજાપ વડે શેનું ધ્યાન થાય?

સર્વ શબ્દોમાં શ્રેષ્ઠ શબ્દ
પ્રભુનું નામ છે - 'અરિહંત' શબ્દ છે,
તે શબ્દ વડે પ્રભુના ચારે અતિશયોનું ધ્યાન થાય છે.
અરિ + હંત = અપાયાપગમાતિશય,
અરિહં + ત = પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાનાતિશય.

જપના ૨ પ્રકાર: ઉત્તમોત્તમ તથા તાત્વિક.

ભક્તિયુક્ત સ્મરણસ્વરૂપનું ભજન તે ઉત્તમોત્તમ જપ છે
અને અનાહતમાં વિશ્રાંતિ તે તાત્વિક જપ છે.

સકલોચ્ચારણથી નિષ્કલોચ્ચારણ અને
નિષ્કલોચ્ચારણથી અનુચ્ચારતા,
મધ્યમાર્ગ ઉન્મુક્તતા, સંલીનતા અને અનાહત વિશ્રાંતિ.

સ્મરણ - સત્કારાદિથી ભાવપ્રધાન સિદ્ધાંતપદીનું વિચિંતન,
ચિત્તથી જ વિશેષ સ્થિરતાપૂર્વક અનુચિન્તન અને
ધ્યાન વિજાતીયથી અસ્પૃષ્ટ સજાતીયવૃત્તિનો પ્રવાહ.
મંત્રનું પરમ કાર્ય આહ્લાદમય છે.

નિરંતર નામજપ શા માટે?

સર્વ સંશયોને ત્યાગીને શુદ્ધ ભજનની વૃદ્ધિ થાય,
તે માટે નામજપ નિરંતર કરવો જોઈએ.
સર્વ સાધનો કરતાં 'નામજપ' એ સરળ સાધન છે.
જે ચતુર છે, તે સાધનામાં જ તૃપ્તિ પામે છે,
નહીંતર આહ્લાદનું અનુસંધાન સાવ જ તૂટી જાય છે.

જપના ૨૩ પ્રકાર

૩ પ્રાણાયામ, ૩ ગુણ, સ્થિરીકરણ, સ્મૃતિ,

હક્કા, નાદ, ધ્યાન, ધ્યેયૈક્ય, તત્ત્વચિંતન.

આમ જપના ૨૩ પ્રકારોમાં

હઠ, મંત્ર, લય, રાજ આદિ ચારે યોગો સમાવિષ્ટ છે.

જપમાં મંત્રની સ્મૃતિ ચિત્તમાં ઘડાઈ જવી જોઈએ.

જપના શુભભાવથી કાળ પાકે, દ્રવ્ય સુધરે, ક્ષેત્ર બદલાય.

જાપ દ્વારા 'જગતનું ભલું થાય' એવો ભાવમાત્ર કરવાથી

સર્વશ્રેષ્ઠ એવું મોક્ષરૂપી ફળ મળે છે.

કોઈપણ જાપ કે ક્રિયામાં પ્રભુની પ્રભુતાની ઓળખાણ,

આશયની શુદ્ધિ અને સમર્પણ ભાવ,

આ ત્રણ વસ્તુઓ અવશ્યપણે પ્રધાન જ રહેવી જોઈએ.

જાપથી વૃત્તિમાં આમૂલ પરિવર્તન થાય છે.

આત્મ અને મનની સાથે અનાદિકાળથી બંધાયેલી વૃત્તિને

નામ અને રૂપ સાથે જોડવાની ક્રિયાને

શ્રી નમસ્કાર મંત્રનો જાપ અને તેનું પ્રત્યભિજ્ઞાન કહેવાય છે.

## અલ્પ ફળવાળો જાપ રોકવા શું કરવું?

अंगुल्यग्रेण यज्जप्तं यज्जप्तं मेरुलंघने ।
व्यग्रचित्तेन यज्जप्तं तत्प्रायोऽल्पफलं भवेत् ॥

અર્થ: આંગળીના અગ્ર ભાગથી, મેરૂ ઉલ્લંઘન કરીને
અને વ્યગ્ર ચિત્તે જાપ કર્યો હોય,
તે પ્રાયઃ અલ્પ ફળવાળો થાય છે. આમ આ શ્લોકથી
આંગુલિના અગ્રભાગાદિથી જાપનું અલ્પ ફળ કહ્યું છે.
નંદાવર્ત આદિ આવર્તોનો જાપ અંગુઠાથી થાય છે અને
તેનું ફળ ઉત્તમ ગણાય છે, તેથી
માળાજાપ પણ અંગુઠાથી કરવો યોગ્ય છે.

सर्वे वर्णाः शिवात्मकाः । मन्त्राः (सर्वे) वर्णात्मकाः ।

## જાપના ત્રણ પ્રકારોના દૃષ્ટાંત

ભાષ્ય જાપ હાથથી ફેંકેલા પત્થર સમાન છે,
ઉપાંશુ જાપ ગોફણમાં ચઢાવીને ફેંકેલા પત્થર સમાન અને
માનસ જાપ બંદુકમાંથી છોડેલી ગોળી સમાન છે. આ માત્ર
સમજવા માટે છે, તત્ત્વથી તો જાપમાં અનંત શક્તિ છે.

## કયા પ્રકારના જાપમાં શું થાય છે?

(૧) વાચિક જાપમાં જ્ઞાનતંતુનો કંપ શરૂ થાય છે,
હૃદયાકાશના વાયુમાં કંપાકારનું નિર્માણ થાય છે.

(૨) ઉપાંશુ જાપમાં માત્ર હોઠ નહીં, જીભ હાલે છે, તેથી
જ્ઞાનતંતુના કંપને નિયમિત આકાર મળે છે, જે આંખમાં
પહોંચે છે અને ત્યાં દર્શન બીજ ઉત્પન્ન કરે છે.

(3) માનસ જાપમાં મંત્રદેવતાનો દેહાકાર એ
સ્થૂળ રીતે તેજાકાર ધારણ કરે છે. એ તેજાકાર શક્તિને
ચૈતન્યશક્તિથી ભરી દેવા માટે ધ્યાનજપની જરૂર છે.

પ્રાણવાયુથી શબ્દહીન નાદ ઉદ્ભવે છે.
નાદથી દેહાતીત, અમનસ્ક કે ઉન્મની અવસ્થા થાય છે.
દેહમાં તે પ્રતિષ્ઠિત અનાહત નાદ રૂપે ધ્વનિ કરે છે,
તેને જ 'અજપાજપ' કહેવાય છે.

શરીરમાં તે સ્રોતની જેમ નિરંતર વહે છે, એને ૐ મંત્ર
દ્વારા પ્રકટ કરવામાં આવે છે. ઓંકાર પ્રાપ્ત થતાં જ
પરમપદને 'નિર્વાણ' અથવા 'અનામ' કહેવામાં આવે છે.

વિધિપૂર્વક મંત્રનો અભ્યાસ તે જપ છે.

માનસજપ કેવળ મનોવૃત્તિથી જ કરાય છે.

ઉપાંશુજપ અંતર્જલ્પરૂપ છે.

બાજુવાળો સાંભળી શકે, તે ભાષ્યજપ છે.

મનની શાંતિ માટે માનસજપ કરવો,

જીવનમાં તુષ્ટિ-પુષ્ટિ માટે ઉપાંશુજપ કરવો અને

અભિચારાદિ માટે ભાષ્યજપ મુખ્ય છે.

જપ એ વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

જપ એ સ્મરણનો જ પ્રકાર છે.

તે પ્રવાહમાન થાય, ત્યારે એકાગ્રતા વધે છે.

મંત્રનું અંતર્જલ્પ રૂપ મનન

આત્માનું રક્ષણ કરે છે અને

તે પરતત્ત્વની પ્રાપ્તિનો ઉત્તમોત્તમ ઉપાય છે,

તેથી તે પરમાત્મા જ છે.

જપનું અંતિમ તાત્ત્વિક સ્વરૂપ છે...

અનાહત નાદમાં થતી આત્માની વિશ્રાંતિ.

નામજપ એટલે શું ? તેનું માહાત્મ્ય શું ?

આત્મજ્ઞાન એ સાધ્ય છે, નામજપ એ સાધન છે.

'જાપ' શબ્દનો અર્થ શું છે ?

'જાપ' શબ્દમાં 'જ' એટલે જન્મનો વિચ્છેદ થઈ,
'પ' એટલે પાપનો વિચ્છેદ જેનાથી થાય, તે જાપ છે.

નિરંતર નામજપ છે સહજ સાધન.

સર્વ સંશયોને ત્યાગીને જે શુદ્ધ ભાવની વૃદ્ધિ થાય,
તે માટે નામજપ નિરંતર કરવો જોઈએ.
સર્વ સાધનો કરતાં 'નામજપ' એ સહજ સાધન છે.
જપ, તપ, કર્મ, ક્રિયા, નિયમ અને ધર્મ -
ઈત્યાદિ સર્વ સાધનો, સર્વ ભૂતોમાં
અભિન્નતાથી પરમાત્માના સ્વરૂપને જોવું,
જે શુદ્ધ ભાવનાના પાયા પર જ ઉભા થયેલાં છે યા
એવા પ્રકારનો શુદ્ધભાવ તે સાધનાદિક વડે સાધ્ય છે.
આ સરળ વિષય પ્રતિ દુર્લક્ષ થાય,
તે જીવનમાં કામનું નહિ.

अहमेव परो हंसः शिवः परम कारणम् ।

जपः प्राणसमः कार्यः ।

પવિત્રતા એ પરમાત્માનું જ બીજું નામ છે.

જીવનમાં નિરંતર મંત્રજાપ કરવાથી પવિત્રતા ટકે છે.

નામનો જપ અને રૂપનું ધ્યાન ધરવું છે.

વેદાન્તમાં જે નામ - રૂપ, તે તંત્રમાં નાદ અને બિંદુ.

નામ, નાદ અને વાક્ શબ્દ એકાર્થક છે.

યોગ અને તંત્ર = બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરવાનાં સાધન.

વૈખરીજપ કે કંઠજપના 3 ભેદ

(૧) વાચિક (૨) ઉપાંશુ (3) માનસિક.

વાચિકજપ = વિકલ્પાત્મક સંજલ્પ.

કંઠશોષમાં કર્તૃત્વાભિમાન ચાલી જાય છે,

એને ‘જપ કરવો’ નહિ પણ ‘જપ થવો’ કહે છે.

મંત્રજપને સિદ્ધ કરવા માટે ભાવને શુદ્ધ કરવા અને ચિત્તને સ્થિર કરવું જોઈએ, કેમકે મનમાં બાહ્ય વસ્તુ જ્યારે સ્થાન લે, ત્યારે મનમંદિર ત્યાંથી વિદાય લે.

મંત્રજાપના મુખ્ય ત્રણ પ્રકાર: ભાષ્ય, ઉપાંશુ, માનસ.

માનસજાપ ઉપરથી અજપાજાપમાં જવાનું છે.

માનસજાપમાં મનની ક્રિયા છે.

અજપામાં મન શાંત થઈને માત્ર આંતરશ્રવણ કરે છે.

અજપાજાપમાંથી રૂપાતીતમાં જવાનું છે.

રૂપાતીતમાં મનથી ઉપર થવાનું છે, એનું જ નામ 'લય'.

તે આત્મબોધનું સાક્ષાત સાધન છે.

ભાષ્યજાપમાં બાહ્યજલ્પ છે, ઉપાંશુજાપમાં આંતરજલ્પ છે.

માનસજાપમાં કેવળ માનસિક આવૃત્તિ છે,

મનોમય ઉચ્ચારણ છે, જ્યારે અજપાજાપમાં મનોલય છે.

આત્માનું સાચું નામ 'અનાહત' છે અને

આત્માનું સાચું રૂપ 'અસ્પર્શ' છે.

અનાહતને ઓળખાવનાર 'અજપાજપ' છે અને

અસ્પર્શને ઓળખાવનાર 'રૂપાતીત' છે.

અજપા ક્રિયારૂપ વાચક છે, રૂપાતીત એનું વાચ્ય છે.

તે સ્વસંવેદન જ્ઞાન છે, તે બંનેનું પરંપર સાધન તીર્થ છે.

## માનસ - ઉપાંશુ - ભાષ્યજપ

પ્રેમરૂપી ઘૃતથી ભરેલો જ્ઞાનરૂપી દીપક
મંત્રજપના પ્રભાવે પ્રકટ થવાથી આત્મમંદિરમાં બિરાજમાન
અંતર્યામી પરમાત્માનાં દર્શન થાય છે.

જપથી ધ્યાન અને ધ્યાનથી જપ, એ રીતે
જપ અને ધ્યાનની સિદ્ધિથી પરમાત્માનો પ્રકાશ થાય છે.

નિરંતર જાપ થવાથી
ભક્તના ચિત્તમાં ભગવાનની ચાહ પ્રકટે છે.

બહારના પદાર્થ બહારની ક્રિયાની અપેક્ષા રાખે છે.
સ્થૂલ પદાર્થની પ્રાપ્તિ મનથી પ્રેરિત સ્થૂલ ઇંદ્રિયોની ક્રિયાથી
થાય છે. પરમાત્મા સૂક્ષ્મતમ છે અને સહુની અંદર
પરિપૂર્ણ છે. તે વિવેક - વિચાર અને જ્ઞાન - ભક્તિ
આદિ સૂક્ષ્મ અને અંતરંગ સાધનોની અપેક્ષા રાખે છે.

એ વાત ભગવાનના નામની મહિમા
પ્રભુના નામજપની અપાર શક્તિને સૂચવે છે કે:
'એકવારનો નમસ્કાર પણ સંસારના પારને પમાડે છે.'

## જાપ માટે કઈ દિશા ક્યારે શુદ્ધ ગણાય?

મંત્રજાપ માટે દિવસે પૂર્વ - ઉત્તર દિશા અને
રાત્રે ઉત્તર દિશા શુદ્ધ ગણાય.
સુખ - સૌભાગ્યાર્થે જાપ પૂર્વ દિશામાં કરવો અને
દુ:ખ - ઉપદ્રવ નિવારણાર્થે ઉત્તર દિશામાં જાપ કરવો.
પૂર્વ એ ઉદયની તથા ઉત્તર એ શાંતિની દિશા છે.

**સમગતિ હિતાવહ છે.**

પદો તથા વર્ણોના ઉચ્ચારણમાં અંતર પડવું ન જોઈએ,
એથી મંત્રજાપની ફલદાયકતા ઘટી જાય છે.
જપ એ જીવનસંસ્કરણની, જીવનાધિકરણની અને
જીવનશુદ્ધિની ક્રિયા છે.

ધર્મનિરપેક્ષ રાજનીતિએ આજે જે
ધર્મરહિત અવસ્થા સર્જી છે, તે પ્રત્યક્ષ છે.
ધર્મ, યોગ, અધ્યાત્મની મહત્તા સમજ્યા વિના ધ્યાન
- જપાદિ ઉત્તમ ક્રિયાઓ જીવનમાં લાવી શકાતી નથી,
જે દિવ્યજીવનના સાક્ષાત્કાર માટે અત્યંત જરૂરી છે.

## જાપ કઈ ગતિએ કરવો ?

મુદ્રા સૌભાગ્ય - પરમેષ્ઠિ આદિ જાપ સમગતિએ કરવો.

અદ્રુત - અનતિવિલંબિત ગતિ, તે સમગતિ છે.

અતિત્વરાથી જાપ કરનારને રોગ થાય છે,
અતિ ધીમેથી જાપ કરનાર સાધકને ધનનાશ થાય છે.

મોતીની માળામાં એકમેકને અડીને રહ્યાં હોવા છતાં મોતી એકમેકથી અલગ રહે છે, તેમ મંત્રાક્ષરોનો જાપ કરવો.

ઇષ્ટસિદ્ધિ કરવા માટે સાધકે પોતાના મનને ઇષ્ટદેવ, ગુરુ, મંત્ર, ગ્રહણ કે આત્મામાં સંસ્થાપિત કરવું.

જપથી યોગ અને યોગથી જપ.

જપ શબ્દરૂપ છે અને યોગ શબ્દાર્થના ધ્યાનરૂપ છે.

દૃઢ ભક્તિપૂર્વક ગ્રહણ કરાવેલો મંત્ર અવશ્ય ફલપ્રદ બને.

વિસ્મય, પુલક અને પ્રમોદ - એ વિધિ છે. સ્થાન, આસન, દિશા, કાળ, માળા, મુદ્રા વારંવાર ન બદલવા.

મૂળ મંત્ર વડે ૧૦૮ વાર માળાને અભિમંત્રિત કરવી.

કાયાની સ્થિરતા મનની સ્થિરતામાં મદદ કરે છે.

# જપ - યોગ

શ્રુતિના અવલંબનથી 'સ એવાહં' ઈત્યાકારક લક્ષમાં અને એ લક્ષ દ્વારા મન આત્મામાં લીન થઈ જાય છે, તે પણ મહાલક્ષસમાધિનો જ એક પ્રકાર છે. મંત્રપદોમાં મનનો લય થાય, ત્યારે મંત્રસિદ્ધિ થાય છે. આ અવસ્થામાં ધ્યાતા, ધ્યેય, ધ્યાન ત્રિપુટીનો વિલય થાય, ત્યારે શરીરમાં હર્ષાશ્રુ અને રોમાંચાદિ પ્રગટ થાય છે. મંત્રજપનું અંતિમ ધ્યેય મહાલક્ષરૂપ સમાધિની પ્રાપ્તિ છે.

જપ માટેનાં પથ્ય છે સંયમ અને મનોનિગ્રહ.

પથ્યસહિત અખંડિત જપ આત્મદર્શનનું અમોઘ સાધન છે.

જાપથી અનુભવરૂપ ધ્યાન અને
અર્થાનુભવરૂપ ધ્યાનથી ફરી જાપનો અભ્યાસ.

એ રીતે અંતરાત્મામાં પરમાત્મા પ્રકાશમાન થાય છે. જપ અને યોગ સિદ્ધ કરવાથી પરમાત્માનું પૂર્ણ ધ્યાન થાય છે. ઈશ્વર પ્રણિધાનથી પુરુષનો સાક્ષાત્કાર અને સર્વ વિઘ્નોનું નિવારણ થાય છે.

નામસ્મરણ = પ્રત્યેક કાર્યનો ઈશ્વર સાથે સંબંધ જોડવો.

નામસ્મરણનું ઘણું જ શાસ્ત્રીય પરિણામ છે.

પ્રત્યેક કાર્ય ઈશ્વરના નામે કરવાથી તે દિવ્ય બની જાય છે.
સર્વ શાસ્ત્રો અને સંસારના સર્વ ધર્મો ઈશ્વરના
નામસ્મરણનો મહિમા જોરશોરથી વર્ણવે છે, કારણકે
આપણો આત્મા વસ્તુતઃ ઈશ્વર છે, તેથી 'ઈશ્વરનું રટણ
સતત કરવાથી ઈશ્વર થવાય' એ વાત બુદ્ધિગમ્ય છે.
પ્રભુના નામસ્મરણનો મહિમા અગાધ છે અને સર્વ
ધર્મક્રિયાનો સાર મનુષ્ય ઈશ્વરમય થવું તે છે, તેથી

સર્વ શાસ્ત્રો ઈશ્વરમય થવા માટે

ઈશ્વરના નામનું સતત રટણ કરવાનું બતાવે છે.

પ્રભુનામજપ = નાવડી. કર્મનો નિયમ ભલે અટલ છે,
તેમાં મનુષ્ય પરિવર્તન થવાનો અનુભવ નામજપમાં થાય છે.
નામમાં તો એવી શક્તિ છે કે રજેરજ પાપ ધોઈ નાંખે છે.
નામસ્મરણથી પાછલાં કુકૃત્યો તદ્દન સાફ થાય છે તથા
એ જ માનવી સાવ નવો નક્કોર બની જાય છે.

જપ, જાપ અને જપનાર - ત્રણે એક જ છે.

નામ જપીને પરમાત્માને પ્રાપ્ત કરવા તે જપયજ્ઞ છે.

જપ વડે પુણ્ય, જપ વડે દાન અને
જપ વડે સંગતિકરણ - એકીકરણ. 'પ્રભુનામ એ કોઈ
દૂરના ધ્યેય માટેનું સાધન નહિ પણ ધ્યેય પોતે જ છે'
એવી અનુભૂતિ કરવી જોઈએ.

મંત્રજાપ એટલે સ્વયં પ્રભુનું નામ.

'પ્રભુ પોતે અને તેનું નામ એ બે અલગ વસ્તુ નહિ'
એમ પ્રથમ બુદ્ધિથી સમજાય છે, પછી
ઈશ્વર સાથેની આપણી એકતાનો અનુભવ થાય છે.
મંત્રજાપ વેળાએ સૌ પ્રથમ નામમંત્રના અવાજ ઉપર
એકાગ્ર થવા પ્રયત્ન કરવો જોઈએ. નામનો એ ધ્વનિ
મનને અંતર શાંત કરી દે છે અને ગંભીર બનાવે છે.
પછી મન ચૈતન્યસ્વરૂપમાં ઓગળી જાય છે અને
અંદર રહેલ પ્રભુની સત્તાનું ભાન કરાવે, એ પછી જ
'પોતે ઈશ્વર સાથે એકરૂપ થયો' એ અનુભવ થાય.

જપ એટલે શબ્દોચ્ચાર, તે દ્વારા કંપન પેદા થાય છે. કંપનથી વાતાવરણમાં મોજાં ફેલાય છે. જેમ જેમ કંપનો વધે છે, તેમ તેમ ભાવના સ્થૂલ આકારોથી જોર પકડે છે અને છેવટે તાદૃશ્ય બને છે. જપ વડે પ્રભુસ્મરણ થાય, તેથી પાપ તથા દુ:ખનાં ડુંગર ભેદાય છે અને આનંદ - મંગળનું વાતાવરણ ફેલાય છે. જપ અભેદ ભક્તિ છે.

મંત્રના લક્ષ્યાર્થ - ચૈતન્યરૂપ પરમાત્માને વિષે પરાવાણી અંત:કરણ સાથે નાભિમાં અથવા બ્રહ્મરંધ્રમાં વિરામ પામવા પ્રયત્ન કરે, તે સૂક્ષ્મતમ જપ કહેવાય છે. આ જપના અનુષ્ઠાનથી પ્રાણ અને અપાન એકઠાં થઈ મન સાથે સુષુમ્ણામાં પ્રવેશ કરી, આધારાદિ ચક્રોનો ભેદ કરી બ્રહ્મરંધ્રમાં જાય છે અને ત્યાં જપના અભ્યાસના પ્રમાણમાં વિરામ પામે છે. સાધકે કોઈપણ વાણી દ્વારા સ્વાભાવિક રીતે જપ થયાં કરે, એવો અભ્યાસ કરવો. સ્વાભાવિક પ્રભુસ્મરણરૂપ જપનું પરિણામ અંત:કરણની પવિત્રતા - એકાગ્રતા દ્વારા તત્ત્વસાક્ષાત્કાર સુધી થાય છે.

જપ : સંસારનાં દુઃખોથી ત્રસ્ત પામેલા અને પરમાત્મામાં પરમ અનુરાગવાળી થયેલ અંતઃકરણની વૃત્તિ સાંસારિક વિષયોનો જપ કરવાનું કાર્ય મૂકી દઈને આચાર્યોપદિષ્ટ પરમાત્માના નામનો અથવા પરમાત્માની સાથે નમસ્કાર વડે સંબંધ રાખનારા શબ્દનો વૈખરી, મધ્યમા, પશ્યંતી અને પરાવાણી દ્વારા ઉચ્ચ અને બાહ્ય વિચારોના પરિત્યાગપૂર્વક અનુક્રમે સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ઉચ્ચાર, સાધક જ્યારે વારંવાર અતિ આદરપૂર્વક કર્યા કરે, તે 'જપ' કહેવાય છે.

પાંચ ઘડી શુદ્ધ વૈખરી દ્વારા થતાં સ્થૂળ મંત્રજપથી અંતઃકરણમાંના સંસ્કારો વડે ઉઠતાં સ્ફુરણો બંધ થઈને વાણીમાં એક જ રૂપ શબ્દનો પ્રવાહ જ તેટલો સમય ચાલ્યા કરે છે. અભ્યાસથી બાહ્ય વૈખરી પછી જપ કરનારને ઘણો અનુભવ થાય છે.

ક્યારેક પ્રેમની વૃદ્ધિ દ્વારા શરીર પરનાં રુવાંડાં ઉભા થઈ જાય છે, નેત્રોમાંથી આંસુનો પ્રવાહ નીકળવા માંડે છે.

કંઠમાં કંઠની દ્રષ્ટિ થવાથી ગળું રૂંધાઈ જાય છે તથા
મન સ્તબ્ધ થઈ જાય છે!

ઘણીવાર તો સદ્ગુરુની દ્રષ્ટિ થવા દ્વારા
શરીર અને મન હલકાં થઈ ગયેલાં પ્રતીત થાય છે.
મનની તૃષ્ણાઓનું શમન જલદી થાય છે.
સ્થૂળ જલદી કલાકલાક મન આનંદથી ભરાઈ ગયેલું કે
મનમાં ઉત્તમ વિચારધારાનો પ્રવાહ વહેતો જણાય છે.
મધ્યમામાં લગાર પાંચ ઘડી ગુરુ ચલાવવામાં આવતાં
સૂક્ષ્મ જપ દ્વારા જપ કરનારના ગળામાં એક જાતનો
કોમળ અને આનંદ આપનારો સ્પર્શ અનુભવાય છે.
સંતૃપ્ત થયેલું મન પ્રકાશ તથા આનંદાનુભવ કરે છે.

સ્થૂળ શરીર હલકું થયેલું અને તેની આસપાસના
પ્રકાશ અને આનંદમાં જાણે ગળવા લાગતું હોય,
જાણે કે તેમાં ભળી જતું હોય, એમ તેને જણાય છે
અથવા પોતાના મનુષ્યભવનું તથા પોતાના મનની
સંસારની તૃષ્ણાઓનું શમન થયું તેને અનુભવાય છે.

સૂક્ષ્મતરજપ = હૃત્પદ્મમાં પશ્યંતી વાણી વડે સ્ફુરતો જપ.

એનું અનુષ્ઠાન પાંચ ઘડી સુધી ચાલવાથી જપ કરનારના મનમાં આનંદ તથા પ્રકાશનું વધારે ભાન થવા લાગે છે, બહારના સ્થૂલ વિષયોનું તુચ્છપણું વધારે સ્પષ્ટ જણાવા લાગે છે, ચાલતાં જપમાંથી તેના મનને વિરામ પામવાની ઇચ્છા થતી નથી, શરીર અને જગતનું કોઈ કોઈવાર કેટલોક સમય સુધી વિસ્મરણ થઈ ગયેલું જણાય છે, ઇંદ્રિય-પ્રાણ અને મનના બાહ્ય વેગો દૂર થઈ તે અવળા પ્રવાહે હૃદય ભણી પાછાં વળેલાં જણાવા લાગે છે અને બ્રહ્મરંધ્રથી ટપકવા લાગેલા નિરૂપમ અમૃતપાનથી ક્ષુધાતૃષાની પીડા પૂર્વ પેઠે અનુભવાતી નથી.

જપનાં સ્થાન : તીર્થ, નદી તીર, પવિત્ર વન, દેવાલયાદિ.

દેહ મથુરા બને અને હૃદય એ ગોકુળ બને,
તો તેમાં નંદ મહોત્સવરૂપી જે આનંદ પ્રગટે, તે જ
પરમાત્માનું સ્વરૂપ. જ્યારે અંદરથી જ આનંદ મળે,
તે ઘડીએ પરમાત્મા પ્રગટ થયાં છે, એમ જરૂર માનજો.

જાપ સૂક્ષ્મ થતાં બધા પાપનો ક્ષય થાય છે.

આ માટે અભ્યાસ અને વૈરાગ્ય - એ બે જોઈએ.

જાપ વિષયસુખના કાર્યને ભૂલી જવું, તે વૈરાગ્ય કહેવાય.

જાપ વખતે આપણી વૃત્તિઓ ઉપશમ પામવી જોઈએ.

આસ્રવનો ત્યાગ અને સંવરની પ્રવૃત્તિ તો સતત જોઈએ.

એટલું લક્ષ્ય હોવું જોઈએ કે આ જાપથી હવે
અનિત્ય સુખના બદલે નિત્ય સુખમાં જવું છે.

વૈરાગ્ય પહેલાં નિત્ય - અનિત્યનો વિવેક હોવો જોઈએ.

આ પાયો અર્થાત્ Foundation છે.

પહેલાં બુદ્ધિ વિચાર, પછી અનુભવ - પરિણતિ થાય,
ગમે તે સંયોગમાં નિત્ય તથા અનિત્યનો ઉપયોગ રહે.
બુદ્ધિ જાણે કે વમન અને વિષ્ટા ખરાબ છે અને
તેનો સતત અનુભવ રહ્યાં કરે છે કે 'આ ખરાબ છે'
બસ, તેનું જ નામ અનુભવ - પરિણતિ છે.

માનસજાપમાંથી જે સૂક્ષ્મ ધ્વનિ નીકળી રહી છે, તે જ
મન - પ્રાણ - આત્માની શુદ્ધિ કરાવવા કાર્ય કરે છે.

## જપના અભ્યાસ વડે આત્મદર્શન

અભ્યાસ દ્વારા ચિત્ત સ્થિર થાય, વાયુ દૂર થાય, પરમાનંદ પમાય તથા અભ્યાસ વડે આત્મદર્શન થાય.

रेचकपूरककुम्भाः गुणत्रयं स्थिरकृति स्मृती हक्का ।
नादो ध्यानं ध्येयैकत्वं तत्त्वं च जपभेदाः ॥१॥

અર્થ: જપ રેચક શ્વાસ બહાર કાઢવાપૂર્વક, પૂરક શ્વાસ અંદર લેવાપૂર્વક, કુંભક શ્વાસ સ્થિર કરવાપૂર્વક થાય છે. સાત્ત્વિક જપ શાંતિકર્મ માટે, રાજસિક વશીકરણાદિ માટે, તામસિક ઉચ્ચાટનાદિ માટે, સ્થિરકૃતિ વિઘ્નોમાં સ્થિર રહેવા, સ્મૃતિ, નાસાગ્ર દૃષ્ટિ માનસિક સ્મરણ વધારવા, હક્કા જપ એ ફોલ્કાર હું, ફટ્ ઈતિ અંત્યપદો માટે, નાદજપ કરતી વખતે ભ્રમરાદિ જેવા ગુંજારવ માટે. ધ્યાન જપ એ મંત્રો - પદોનું વર્ણાદિપૂર્વક ધ્યાન માટે, ધ્યેયૈક્ય જપ એ ધ્યાતા - ધ્યેય - ધ્યાનની એકતા માટે તથા તત્ત્વ જપ એ પૃથ્વી - જલ - વાયુ - અગ્નિ આદિ પંચમહાભૂત તત્ત્વોને અનુસરવા માટે થાય છે.

કુંડલિનીના ૩।। આંટા છે.

મૂલબંધ અને ઉડ્ડીયાણ બંધ કરવાથી

કુંડલિનીનું જાગરણ થાય છે, તે સ્વયં ઉચ્ચરણશીલ છે. બ્રહ્મરંધ્રમાં તે જ્યોતીરૂપતાને ધારણ કરે છે. જપ તે વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

'પરમ તત્વ પોતાનો જ સ્વભાવ છે,'

એવું જે પુનઃ પુનઃ પરામર્શન, તે ઉત્તમોત્તમ જપ છે. પુનઃ પુનઃ પરામર્શનના સદ્ભાવથી નાદના જે સતત આંદોલનો જન્મે, તે તાત્વિક જપ છે. પ્રયત્નપૂર્વકના ઉચ્ચાર રૂપ સકલ જાપથી નિષ્કલ ઉચ્ચાર આવે છે. જપ જ્યારે પ્રાણ સમ થાય, ત્યારે એકાગ્રતા વધે છે. અનાહત નાદ દશમે દ્વારે પહોંચે, ત્યારે ભેદજ્ઞાની તેને 'તન્મયભાવ' કરે છે. દશમ દ્વાર, જે દુંદુભિ સ્વર, તે મોક્ષદાયક છે. અભ્યંતર પરિકરરૂપ કલા - બિંદુ વિગેરેથી

સહિત 'અર્હં' મંત્ર તે દીપ્ત છે.

'તપ્તકલા' શબ્દ એ મંત્રની દીપ્તતાનો સૂચક છે.

નિરન્તરનો નામજપ એ પ્રત્યક્ષ સાધન છે.

નામના વાસ્તવિક અર્થનો પરિચય પ્રાપ્ત કરવા
નિત્ય અને નિરંતર પોતાના ચિન્તનશીલ ચિત્તથી
પરમાત્માના નામની સેવા કરવી જરૂરી છે.

નામના અર્થને સમજવો એટલે...
નામીના સ્વરૂપની ઉપલબ્ધિ કરવી.

નામમાં અક્ષરબુદ્ધિ રાખવી, એ મોટો અપરાધ છે.

નામનિહિતશક્તિ અદ્‌ભુત હોય છે. તે સાધકની અંદર
રાગ, ભાવ, રસ આદિ ઐશ્વર્યોને સ્વયં પ્રગટ કરે છે.
સર્વાંગીણ કલ્યાણ પર પહોંચવા માટે જે જે વસ્તુઓનું
પ્રયોજન છે, તે બધી જ નામસાધનાથી સુલભ થાય છે.
પ્રભુનું નિત્ય, નિરંતર અને પ્રેમપૂર્વકનું નામસ્મરણ-
ચિન્તન - નિદિધ્યાસન સાધકનું અભિન્ન બનવું જોઈએ.

નામસ્મરણ એ સાધન નહીં પણ સાધનરાજ છે.

નામસ્મરણ એ સુલભતમ સાધન છે.

નામજપના અનુષ્ઠાનથી સત્ત્વશુદ્ધિ થાય છે.

# પ્રભુનું નામજપ

નામમાં જેટલો પ્રભુ આવે, તેટલો વેદમાં પણ આવતો નથી.

ભગવન્નામ ભગવાનનું પૂર્ણ સ્તવન છે.

બાકીનાં બધા ય વેદનાં સ્તવનો પણ

પ્રભુને પૂર્ણપણે વર્ણવી કે સ્તવી શકતાં નથી.

આખો ભગવાન નામે જ આવે.

ટેટામાં વડની જેમ ૐ નામમાં સમસ્ત પરમાત્મા સમાય છે.

આખો ભગવાન જેને ખપતો હોય,

તેને માટે નામજપ સિવાય કોઈ આરો જ નથી.

બીજા સહાયક હશે, કિન્તુ એકમાત્ર સાધન તો નામ જ છે.

નામ તો સાથે સાથે સાધ્ય પણ હોય છે.

નામમાં નામી આવી જાય. જેમને નામજપમાં શ્રદ્ધા કે પ્રીતિ ન જામતી હોય, તે કોઈક ઠેકાણે જરૂર સદોષ છે. કરોડો જીવ માટે જે હોય અને કરોડો જેને ન પહોંચી વળતાં હોય, તે ઉપાય છતાં અનુપાય જ કહેવાય, માટે સર્વપ્રાપ્ય ઉપાયની શોધ થઈ અને તે છે પ્રભુનું નામ.

## ગિરનારનો નામજપ એ પ્રત્યક્ષ સાધન છે.

નામના વાસ્તવિક અર્થનો પરિચય પ્રાપ્ત કરવા નિત્ય નિરંતર ચિન્તનશીલ ચિત્તથી નામની સેવા કરવી જરૂરી છે.

નામનો અર્થ સમજવો = નામીના સ્વરૂપની ઉપલબ્ધિ કરવી.

પ્રભુને પીછાનવાથી નામપિછાણ થાય છે.

નામનો પ્રત્યેક અક્ષર - માત્રા ચિન્મય છે, તેથી સાધકે પ્રારંભથી જ નામને ચિન્મય, અચિન્ત્ય શક્તિસંપન્ન અને ભગવાનની સાથે સ્વરૂપથી અભિન્ન તરીકે માનીને જ સાધના કરવી જોઇએ.

નામમાં અક્ષરબુદ્ધિ રાખવી, એ મોટો અપરાધ છે.

નામનિહિત શક્તિ અદ્ભુત હોય છે. તે સાધકની અંદર રાગ, ભક્તિ, રસ આદિ ઐશ્વર્યોને સ્વયં પ્રગટ કરે છે.

પ્રભુનું નિત્ય, નિરંતર અને પ્રેમપૂર્વકનું નામસ્મરણ-ચિન્તન - નિદિધ્યાસન સાધકનું અભિષ્ટ બનવું જોઇએ.

કંચન જેવો પ્યાર નામ ઉપર અને કામીનાં કામિની પ્રત્યેના ભાવ જેવો ભાવ નામ-રૂપ ઉપર સ્થિર થવો જોઇએ.

જપની ક્રિયા ઈષ્ટફળ - પ્રત્યક્ષ ફળ આપનારી છે.
મંત્રશક્તિ કોઈ દિવસ પણ ખોટી પડતી નથી.
જેમ વિજળીના પ્રવાહ (Current)માં વિજળીનું
સામર્થ્ય ગુપ્ત રીતે રહેલું છે, તેમ મંત્રમાં તેના દેવતાનું
દિવ્ય સામર્થ્યનું તેજ ગુપ્ત રીતે રહેલું છે.
અનુકૂળ ચેતન દ્વારા તેને પ્રગટાવી શકાય છે.

મંત્રની અગત્યની ચાર વસ્તુઓ એટલે...
દેવતા, ઋષિ, છંદ તથા વિનિયોગ.

જપ = યજ્ઞ. જપયજ્ઞમાં હોમવાનો પદાર્થ અહંકારભાવ છે.
તેના કારણે જ જીવનું શિવસ્વરૂપ વિસારે પડ્યું છે.
અભિમાન છૂટે, તેમ મંત્રદેવતા સાથે એકતા સધાય.

## પુરશ્ચરણ અને મંત્ર સાક્ષાત્કાર

ઉપાસ્યદેવતાના સાક્ષાત્કાર માટે કરાતું એક પુરશ્ચરણ
એટલે જેટલા અક્ષરનો મંત્ર હોય, તેટલા લાખ જાપ.
ઉપાસનાની અનેક પ્રકારે કસોટી થાય, ત્યારે હિંમત ન
હારતાં ધૈર્ય ધારણ કરનારને મંત્ર સાક્ષાત્કાર થાય છે.

## જપની ક્રિયા ઈશ્વરકૃપા છે.

જપયજ્ઞમાં દ્રવ્યનો ઉપયોગ પોતાના કરતાં ચઢીયાતા ચૈતન્યને જાગૃત કરી પોતાને પ્રિય વસ્તુનો ત્યાગ કરવો અને પ્રેમ કરી ચઢીયાતી વસ્તુને આપવાની ક્રિયા છે.

જપયજ્ઞમાં હોમવાનો પદાર્થ જવાબદારી છે, જેને લઈને આપણું શિવસ્વરૂપ વિસારે પડ્યું છે. આત્મારૂપી દેવની આગળ જવાબદારી ધરી દેવાનો છે.

આ ક્રિયા જ ચિત્તપ્રસાદ પ્રગટાવે છે.

મંત્રજાપ અર્થ તે મંત્ર આપનાર સદ્ગુરુ અને મંત્રદેવતાનું ધ્યાન મૂર્ધામાં રહે, તે 'ત્રિતાર જાપ' છે.

મંત્રયોગ = જાપ - સ્તોત્ર - પૂજા - પાઠ.

હઠયોગ = આસન - મુદ્રા - પ્રાણાયામ.

લયયોગ = પ્રત્યાહાર - ધારણા - ધ્યાન.

રાજયોગ = સવિકલ્પ - નિર્વિકલ્પ સમાધિ.

મંત્રયોગથી શક્તિ, ચિતિ, રામ, બ્રહ્મ, કુંડલિની, શક્ત્યુદ્બોધન, બ્રહ્મોત્થાન, મહાયોગસિદ્ધિ.

## પ્રભુ નામજપનો મહિમા

માનવજીવનની સુવર્ણ ચાવી નામજપ છે.
જીવનનું ધ્યેય ચૈતન્યપ્રાપ્તિ છે અને
તેમાં જપ એ સર્વોત્તમ સાધન છે અને સરળ છે.
બધાં અંતરાયોને નિવારણ કરનાર પણ તે જ છે.

### જપસિદ્ધિનાં ૫ ચિહ્નો

(૧) ભાવની ઉજ્જ્વળતા (૨) કષાયમંદતા (૩) તત્ત્વરમણતા
(૪) પરિણતિની નિર્મળતા (૫) પ્રકૃતિની પ્રભુતા.

જપમાં તપ છે, દયા છે, દાન છે,
ધર્મ છે, ભક્તિ છે, ભાવ છે, શ્રદ્ધા છે.
જપનો સૂક્ષ્મ અર્થ ચેતનાનું અનુસંધાન છે,
સરળ અને સતત સમાધિ છે.

જપ, ધ્યાન અને ચિંતન જ્યારે વિશદ બને છે, ત્યારે
ભાષા તથા વિચારની સૂક્ષ્મ અનુભૂતિઓ સ્પર્શે છે અને
beyond the border land of thought
સત્‌ની, excistenceની - To beની ઝાંખી થાય છે.

જપસિદ્ધિમાં મહત્ત્વના ૪ અંગો

શ્રદ્ધા, એકાગ્રતા, વિશ્વપ્રેમવાસિત ચિત્ત અને બ્રહ્મચર્ય.

જપમાં નિષ્ઠા વધારવા માટે કર્મનું સેવન અગત્યનું છે.

નામને 'શબ્દ' કહે છે અને
વૃત્તિથી તેમાં એકાગ્ર થાય, તેને 'સુરતિ' કહેવાય છે.

જપસિદ્ધિના સાધનો

મંત્રદેવતા પ્રત્યે નિષ્ઠા, જીવનમાં જરૂરીયાતોની અલ્પતા,
નિરાકુળતાથી પાર પાડી શકાય તેટલી જ પ્રવૃત્તિ,
પરાર્થપ્રધાન વ્યવહાર અને આહારની સાત્વિકતા જરૂરી છે.

જપ એ મનની બહિર્વૃત્તિનો નાશ કરે છે.

તે ઉપાસ્ય દેવના અનુગ્રહથી કામનાવાળાને ઈચ્છિત ફળની
પ્રાપ્તિ અને કામનારહિતના ચિત્તની શુદ્ધિ કરે છે.

દીપકનો સારો ઉપયોગ મનની ગતિ સ્થિર કરવામાં છે.

દીપની સામે દૃષ્ટિ જોડીને જાપ કરવાથી મન શાંત,
હૃદય આનંદી બને છે, શરીર રોમાંચ અનુભવે છે.
સર્વ કોઈમાં સ્વરૂપને અને પોતામાં સર્વરૂપને દેખે છે.

## ફલસિદ્ધિનું કારણ કેવો જાપ ?

વૈખરી પ્રકારની વાણીમાં વાચિક અને
મધ્યમા વાણીમાં ચિંતિત પદનું આલંબન હોય છે.
તેમાંથી નિર્વિકલ્પ પદ સુધી પહોંચવાનું હોય છે.
પરિજપન એ વાગ્વ્યાપારરૂપ ક્રિયા નહિ,
કિન્તુ તે ધારાવાહિક મંત્રસ્મરણ છે.
મૌન જપ જ ફલસિદ્ધિનું કારણ છે.

નામસંકીર્તનં યસ્ય સર્વપાપપ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખશમનઃ તં નમામિ જિનં પરં ॥૧॥

પરમાત્માનું નામ લેતાં દશે દિશામાં મંગલ પ્રવર્તે છે, મનુષ્ય ઉન્નત સ્થિતિએ પહોંચી શકે છે, તેની વૃત્તિઓ ધર્માભિમુખ થાય છે, ધર્મપરાયણતા જાગે છે અને તેથી દુઃખો અને ઉપદ્રવો શમે છે.

પ્રભુની ideal Realityનો સાક્ષાત્કાર બાદ જાપ - ધ્યાન દ્વારા થતી પ્રભુની ઉપાસનામાં પૂર્ણ તન્મયતા થવાથી અનેરો આનંદ અનુભવાય છે.

## મંત્રજાપમાં ચોકસી અને સ્વરની મહત્તા

મંત્રજાપમાં જો ચોકસી રહી જાય, તો આયુષ્યનો ક્ષય થાય અને જો સ્વર ચૂકાય, તો રોગની પીડા થાય.

(૧) વર્ણ : अ क्ष ह પર્યંત.

(૨) સ્વર : ઉદાત્તાનુદાત્તસ્વરિત.

(3) માત્રા : હ્રસ્વ - દીર્ઘ - પ્લુત.

(૪) બલ : સ્થાન અને આસ્ય પ્રયત્ન.

(૫) સામ : અદ્રુતાવિલંબિત (૬) સંતાન : શુદ્ધિનું મૂળ.

'મંત્રચૈતન્ય' એટલે મંત્રના શબ્દોમાં ધ્યાતાની એકાગ્રતા વડે ઉત્પન્ન થયેલ તન્મયતા, જે વિધિપૂર્વકના જાપ વડે જ આવે. વિધિમાં શ્રદ્ધા જ મુખ્ય છે, લગન વડે તે જગાડી શકાય. એ માટે ધ્યાતા, ધ્યાન, ધ્યેય તથા ધ્યાનના મૂળનું લગન હોવું જોઈએ. 'પગ નીચે જ સોનાની ખાણ છે' એમ સાંભળ્યા પછી કોણ કોદાળી - પાવડો ખરેખર ન ઉપાડે ?

જપ તેના અંગભૂત મંત્રનો અર્થ સમજને કરવો હિતકર છે.

## જપની સાચી વિધિના ૧૧ સોપાન

(૧) અક્ષમાળા લેવી.

(૨) તે માટેના મંત્ર વડે ગંધ (વાસક્ષેપ) - પુષ્પાદિ પૂજા કરવી.

(3) દિગ્રક્ષણ પ્રક્રિયા દ્વારા સુખાસનમાં સ્થિર થવું.

(૪) વૈખરી, મધ્યમા અને પશ્યંતીરૂપ વાણીની વૃત્તિઓ ચિત્તને ચલિત કરે છે. તે રહિત થઈને મંત્રની માત્રા પ્રમાણે ઘોષબદ્ધ ઉચ્ચારણ કરવું અને સતત ઉદિત અનાહત નાદમાં તન્મયીભૂત થઈને 'મંત્રમાં અનુપ્રવેશ થઈ ગયો છે' એમ ચિન્તવવું.

(૫) ઇંદ્રિયોને અંતર્નિહિત કરી મંત્રદેવતા સાથે આત્માની એકતાની ભાવના કરવી.

(૬) આ પ્રકારે પુનઃ પુનઃ પરામર્શપૂર્વક જપ કરવા. પ્રથમ અનુપ્રવેશ, પછી અધ્યાસ અને છેલ્લે પરતત્ત્વ પ્રવેશ કરવો.

(૭) વિકલ્પને સંકલ્પના યોગાદિ પરાવર્તન કરવું તથા તેના અર્થની ભાવના કરવી, તે જાપ છે.

(૮) નાદ એ અવ્યક્ત ધ્વનિ રૂપ છે,
તેથી વિમર્શમાત્ર રૂપ છે અને
આહ્લાદ - આનંદના અનુભવસ્વરૂપ છે, નિત્ય ઉદિત રૂપ છે. એનો કોઈ પણ ઉચ્ચારયિતા નથી. નાદામર્શ રૂપ છે. સમસ્ત વાચકથી અભેદમય પરામર્શ સ્વરૂપ છે. તે જ સદાશિવ અને પરરૂપ છે. તે નાદ સમસ્ત વાચકોથી અવિભાગ સ્વરૂપ - અભિન્નરૂપ મંત્ર તત્ત્વ શેષભૂત છે.

(૯) પ્રાણ = શ્વાસોશ્વાસના તાલે જાપ કરવો. એક આકારે એક શ્વાસ એ પ્રમાણેના માપથી એટલે કે જલ્દી પણ નહીં અને ધીમે કે વિલંબે પણ નહીં, એ રીતે જાપ કરવો.

(૧૦) ઉલ્લાસ - પ્રવેશરૂપ મધ્યવાટી પ્રભુ પોતાની અંદર જેટલા મંત્રના પરામર્શ લઈ શકે, તેટલા જપને કરવો.

(૧૧) માળા મંત્રોને પ્રભુની શક્તિની અંદર અંશાંશિક ક્રમથી ક્રમશઃ વધારતા જઈને સંયોજન કરતાં કરતાં
ત્યાં સુધી ઉલ્લાસ વધારવો કે જ્યાં સુધી
સંપૂર્ણ મંત્રના પરામર્શને પ્રભુશક્તિ વહન કરે.

## શરીર - મનના રોગ મંત્રજાપથી મટે.

મનની નિર્વિચાર અવસ્થામાં
અદ્ભુત શાંતિ તથા આનંદ હોય છે, માટે મંત્ર દ્વારા
મનને નિર્વિચાર કરવાનો અભ્યાસ નિરંતર કરવો.

જપને 'અભ્યારોહ' કહે છે.

જપ = ascent to the consciousness of
reality of જ્યોતિ, અમૃતમ્, સમાહૃતિ.
Coming back to what is your own.

## જપ વડે થતી કોષોની શુદ્ધિ

આહાર - અન્નમય કોષ, આચાર - પ્રાણમય કોષ,
વિચાર - મનોમય કોષ, પ્રચાર - વિજ્ઞાનમય કોષ, will,
સંચાર - આનંદમય કોષ, Bliss - radiation.

જાપથી ત્રિકરણ શુદ્ધિ થાય છે,
વિઘ્નો નાશ પામે છે, ઉપરાંત ઇષ્ટની સિદ્ધિ થાય છે.
જાપથી નામનિક્ષેપ, પ્રતિમાથી સ્થાપનાનિક્ષેપ
અને શાસ્ત્રાભ્યાસથી ભાવનિક્ષેપે લાભ થાય છે.

જાપમાં માળા ફેરવવાથી મળે જ્ઞાનતંતુને શાંતિ.

'कराग्रे वसति लक्ष्मी । करमूले सरस्वती ।'

આ સૂત્રનું સત્ય સ્થાપિત કરવા માટે મંગળ માળા ફેરવવાનો સંસ્કાર કર્યો, માળાથી મનની એકાગ્રતા વધે, જીવનના સંતાપ, મનના આઘાત-પ્રત્યાઘાતથી મુક્ત થવાય. મનની સ્વસ્થતા દ્વારા જીવન - શરીર - વ્યવહારના અનેક પ્રસંગોમાં માનવની શક્તિનો વિકાસ થાય. પુરુષાર્થ હાથ વડે થાય છે, એનો પહેલો આ એક પ્રકાર છે. હાથ - પગના ટેરવામાં વિજળીક શક્તિનો સંચય રહે છે. માળા - હાથના ઘર્ષણથી વિજળીક શક્તિ પેદા થાય છે. મણકા પોતે પોતાનાં જ આંગળાના ટેરવા ઘસે, તો તે ઘર્ષણથી એક સુખદ સ્થિતિનો વિકાસ થાય છે, એનાથી શરીરમાં રક્તનું પરિભ્રમણ વધે છે.

જપ કરવાની ક્રિયામાં આપણા મનની એકાગ્રતા રાખવી પડતી જ હોવાથી એક પ્રકારની પ્રસન્ન - માનસિક - શાંત સ્થિતિ ઉત્પન્ન થાય છે.

રોજ સાંજ - સવાર માળા ફેરવવાથી ધર્મભક્તિની શક્તિનો સતત લાભ મળી રહે છે. પરિણામે આરોગ્ય સાચવવામાં એ માનવીને ખબર પણ ન પડે એમ સહાયભૂત થાય છે. ધર્મભક્તિથી ક્રોધની શાંતિ થઈ સંકલ્પશક્તિનું બળ વધે છે. આ દૃષ્ટિએ પણ માળા ફેરવવાનો વિચાર જરૂરી છે, તેથી શ્રદ્ધા વડે માળા ફેરવવાનો આચાર જીવનમાં ઉતારવો. માળા ફેરવવાથી મન જ્યારે મંત્રની સહાયથી પોતાના આત્માની સંગાથે મળે, ત્યારે દિવ્યભાવ પ્રકટે છે. તે દિવ્યભાવ પોતાનામાં પ્રકૃતિની દૃષ્ટિ - વિરક્તિ અને બાળકોમાં ઉત્સુકતાની દૃષ્ટિ અને ભક્તિ જગાડે છે.

માળા ફેરવવાથી પરભાવવિસ્મરણરૂપ સંયમ અને સ્વભાવરમણતારૂપ તપ પ્રત્યે સ્નેહ જાગે છે.

માળા ફેરવવાથી એ સમજાય છે કે સૌથી મોટો શ્રીમંત? ઉત્તર: જે કોઈની ય પાસેથી કાંઈ પણ ઇચ્છતો નથી તે. 'ભાવાદ્ભાવપ્રસૂતિઃ |' પરમર્ષિઓને થતો ભાવનમસ્કાર માળા દ્વારા જાપ કરનારમાં ભક્તિભાવ પેદા કરે છે.

નામજપ આંતરિકશક્તિને મહાયોગથી ક્રિયાશીલ બનાવે છે,
કંઠકૂપે આકારથી લઈને ૐકાર પર્યન્ત સર્વ પદ્મો અને
અક્ષરોમાં કુંડલિની ચિતિશક્તિ વ્યાપ્ત છે.

નામ પ્રકટ પરમાત્મા છે.

પ્રભુના નામનો જાપ કરી, ધ્યાન કરો.

નામજપ થાય છે, મટીને જ માત્ર ધ્યાન થયું છે.
નામજપ સાધનામાં રુચિ અને ગુરુ પ્રત્યે પ્રેમ વધારે છે.

નામ ચિંતામણિ છે, નામ કામધેનુ છે,
નામ કલ્પતરુ છે અને નામ કામકુંભથી પણ અધિક છે.

## માનસજપ દ્વારા અજપાજપ

માનસજપ માટે બન્ને દિશામાં જોયા વિના નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ ફેરવવી. બાહ્ય દૃશ્ય જગતમાંથી વિરતિ - નિરતિ અને પોતાના આંતરિક આત્મસ્વરૂપમાં સુરતિ યા તન્મયતા સાધે, તેનું અજ્ઞાન નાશ પામે. માનસજપ જ્યારે ધ્યાનજપમાં લીન થાય છે, ત્યાર બાદ અનાયાસ જે જપવૃત્તિ રહ્યાં કરે, તે 'અજપાજપ' છે.

શ્રદ્ધા - વિશ્વાસ મુખ્ય વિધિ છે.

જે જપ માત્ર મનોવૃત્તિથી સ્વસંવેદનરૂપ થાય, તે ઉત્તમ.
માનસજાપ સર્વ સ્થાન - સર્વ અવસ્થામાં કરી શકાય.
શરીરને આસનથી અને વાણીને મંત્રજપથી બાંધવા.

પ્રસરણશીલ પાણીને ઘડામાં રાખતાં ત્યાં જ પડ્યું રહે છે, તેમ પ્રસરણશીલ મનને મંત્રાક્ષર કે મૂર્તિ પર એકાગ્ર કરીએ, તો મન ધીમે ધીમે શાંત અને સ્થિર બને છે.

મન, મંત્ર અને પ્રભુ એકરસ બનાવવા જોઈએ.

મંત્રજપથી શરીર, પ્રભુ, મન, બુદ્ધિ વગેરે નિર્મળ થાય છે.
Cleanliness is next to Godliness.

મંત્રજપ લગનથી કરવો ચાને

લગન એટલે રસ, Interest, ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ.

મનઃશુદ્ધિને બહુ લગનશુદ્ધિ કરે છે.

મલ - વિક્ષેપરહિત મનની અવસ્થા તે મનઃશુદ્ધિ છે.

મનઃશુદ્ધિ માટે મિચ્છામિ દુક્કડં ।

આ છ પ્રકારની નિર્યુક્તિ ભદ્રબાહુ સ્વામીએ કરી છે.

## કયા જપમાં કેટલી સંખ્યા વિહિત ગણાય ?

સકામ જપમાં અક્ષર તેટલા લાખની અને
નિષ્કામ જપમાં અક્ષર તેટલા ક્રોડની સંખ્યા વિહિત છે.
નિષ્કામ જપમાં સદ્ગુરુનો સાક્ષાત્કાર અને
ગુરુઅનુગ્રહ મુખ્ય છે.

સ્નેહ રૂપી ઘૃતથી ભરેલ જ્ઞાનરૂપી દીપક મનોમંદિરમાં પ્રકટવાથી દેહમંદિરમાં બિરાજમાન અંતર્યામી પરમાત્માનાં દર્શન થાય છે. તે માટે દીર્ઘકાળ પર્યન્ત આદર સહિત મંત્રના જાપ અને તેના અર્થની ભાવનાની જરૂર છે.

સરળતાથી જપી શકાય એવું ભગવાનનું નામ અને
પોતાને વશવર્તી એવી જિહ્વા હોવા છતાં
ઉપયોગ નહીં કરનાર લોકો ઘોર નરકમાં જાય છે,
એ જોઈને જ્ઞાની પુરુષોને અત્યંત આશ્ચર્ય થાય છે.

બહાર પ્રસરી રહેલી વૃત્તિને ખેંચીને અંતરમાં સમાવવાથી મન સ્થિર - શાન્ત થઈ બાહ્યવૃત્તિઓનો નાશ કરે છે. જપથી પ્રાણ અને શરીર સમતોલ અવસ્થાને પામે છે.

# અક્ષમાળા તથા જાપનો પ્રભાવ

'ૐ અર્હં નમઃ ।' મંત્રમાં
ૐ એ પંચપરમેષ્ઠિનું વાચક છે,
અર્હં પ્રધાન પરમેષ્ઠિવાચક, નમઃ સમાપત્તિવાચક છે.

જેમ અગ્નિ પોતાના સંપર્કમાં આવનાર પ્રત્યેક વસ્તુને બાળે છે અને ગંગા પોતાના સંબંધમાં આવનાર ગટરને પણ ગંગા બનાવે છે, તેમ ભગવન્નામ બધાં પાપોને, એનાં બીજ અથવા સંસ્કારો સહિત નષ્ટ કરી દે છે. અંતિમ શ્વાસના સમયે ભગવન્નામનો ઉચ્ચાર કરે છે, એને એ નામના પ્રભાવથી શીઘ્ર મુક્તિ પ્રાપ્ત થાય છે. પ્રભુશક્તિ પોતાની મેળે જ પ્રવાહના ક્રમથી ધ્વનિ કરતી ફર્યા કરે છે, તેથી જ તે '<u>અક્ષમાળા</u>' કહેવાય છે.

## પ્રભુશક્તિરૂપ અક્ષમાળા

સર્વ અક્ષોને (ઇંદ્રિયવૃત્તિઓને) પોતામાં અંતર્વર્તિત કરે છે. આમ પ્રભુશક્તિની સહાયથી આરાધકો અવધાનવાળા બનીને વાચ્ય - વાચકનો અભેદ સહજ રીતે સાધે છે.

વૈખરી = વર્ણાત્મક આહત ધ્વનિ.

કંઠ, ઓષ્ઠ, તાળુ આદિ સ્થાનોની સાથે
વાયુનો આઘાત થવાથી અભિવ્યક્ત થતો ઉચ્ચાર.

પશ્યન્તી એ પરાનો પહેલો તરંગ છે.

મધ્યમા સતત ઉદ્ઘોષરૂપ છે.

વૈખરીથી વ્યાવૃત્ત થઈ મધ્યમા પર ધ્યાન જોડવું અને
પશ્યન્તી દ્વારા પરામાં લીન થવા પ્રયાસ કરવો.

માનસ જાપ ઉત્કૃષ્ટ છે.

અંતે મનથી પણ પ્રયત્ન કર્યા વિના સહજ
ઇચ્છાપૂર્વક પ્રયત્ન વિના જ
જાપની એક સતત ધારા ચાલુ થાય છે.
શબ્દ ચેતન મનથી અચેતન મનમાં ઉતરે છે અને
સંસ્કારનું રૂપ ધારણ કરે છે,
તે પશ્યંતીનો પરામાં પ્રવેશ કહેવાય છે.

વિધિપૂર્વકના જાપથી શાંતિ અને શુદ્ધિ પ્રાપ્ત થાય છે.

ૐકારનો જાપ સર્વ દર્શનોમાં પરમ મંગળ મનાય છે.

પ્ર. - જપમાં ૧૦૮ મહાત્મ્ય કેમ?

ઉ. - ૧૦૮નો અંક સાક્ષાત બ્રહ્મસ્વરૂપ છે.
તે અંક બ્રહ્મની સાકાર મૂર્તિ છે.
એ કારણે સંત મહાત્માઓ અને ગુરૂજનોના નામમાં
પહેલાં - ૧૦૮ લખાય છે. આ ૧૦૮ લખવાથી એ
સૂચિત થાય છે કે આપ બ્રહ્મસ્વરૂપ છો.
આજપાના જાપથી આત્મા પરમાત્મામાં મળે છે.
આવા યોગીને પછી તીરથમાં ભટકવાનું રહેતું નથી.
અડસઠ તીરથ તો આ અંગમાં જ સમાયા છે.
જાપ ભીતરમાં રહેલા સર્વ - કામનાઓને બાળી નાંખે,
તો શરીર પવિત્ર સ્થળ બની રહેવાનું છે.

જપ કેવી રીતે કરવો?

જીભથી નામ લેવું, મનથી સ્મરણ કરવું,
આંખથી દર્શન કરવા અને કાનથી શ્રવણ કરવું.
ભગવાન સાધનસાધ્ય નથી પણ ભક્તિલભ્ય છે.
જપ કરવાથી છ મહિનામાં ભગવાન મળે છે.

પ્રત્યેક જીવના શ્વાસની સંખ્યા પ્રતિદિન ૨૧૬૦૦ થાય છે.
૨૪ કલાકમાં સતત માનસ જાપ ૧૦૮૦૦૦ થાય છે.
તેનો ૧૦૦૦મો ભાગ ૧૦૮ થાય છે, તે માટે શાસ્ત્રોમાં
રોજ ઓછામાં ઓછા ૧૦૮ જપનું વિધાન છે.

સતત નીકળતાં પ્રણવ કે જે સોઽહંનું જ સંક્ષિપ્ત રૂપ છે
અને શ્વાસોચ્છ્વાસની ગમનાગમન ક્રિયામાંથી જ તે
ઉત્પન્ન થાય છે, તેના ઉપર મન કેન્દ્રિત કરવાથી
આપણું મન ધ્યેયમાં સ્થિર થઈ શકે છે.

આને ‘અજપા ગાયત્રી’ કહે છે.

તેમાં સ્નાન, શૌચ, દિશા, કાળ, આસન, મુદ્રા, માળાદિ
બાહ્ય ઉપકરણોની જરૂર પડતી નથી,
છતાં મનમાં મંત્રનો અખંડ જાપ ચાલુ જ રહે છે.
અંતર્મુખ સાધકને બાહ્ય ઉપકરણો વિઘ્નરૂપ છે.

જેના પ્રત્યેક શ્વાસમાંથી પ્રણવનો અખંડ પ્રવાહ પ્રવાહિત
થતો હોય, તેના અવિદ્યાજન્ય બંધન કપાઈ જાય છે,
(માત્ર) ઉપયોગ રાખવાની જરૂર છે.

## નૌકાજપ કેટલા વાર કરવાનો હોય છે?

નવ ક્રોડ, નવ લાખ, નવ હજાર, નવસો અને નવ વાર. તેમાં શરીર-વસ્ત્ર-મનની શુદ્ધિ જાળવવાની હોય છે. મંત્રોમાં ઉત્કૃષ્ટ વિચારોનું બીજ હોય છે. તે પઠનનો જપ કરનારની રક્ષા કરે છે. એકાગ્રતાથી અને અર્થવિચાર કરીને ગણનારના સમસ્ત મનોરથોને તે પૂર્ણ કરે છે.

## જપયોગ દ્વારા સાધકનું ધ્યેય શું હોય?

જપયોગમાં વૈખરીથી પરાવાક્ તરફ જવાનો પ્રયત્ન છે, શબ્દના અવલંબનથી શબ્દાતીત તરફ જવાની સાધના છે. જપયોગ વડે શબ્દબ્રહ્મમાંથી પરબ્રહ્મ તરફ જઈ શકાય છે.

જીવ, જગત, માયા, ઈશ્વર, બ્રહ્મ - આ સર્વને તત્ત્વાર્થમાં સમજી સ્વને પામી પિંડ અને બ્રહ્માંડ વચ્ચેના અભેદનો સાક્ષાત્કાર કરવો અર્થાત્ બ્રહ્મની જિજ્ઞાસાથી બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો, તે સાધકનું ધ્યેય હોય છે.

## જપસાધનામાં એવો ઉપદેશ છે કે:

શબ્દને પકડીને શબ્દાતીત એવા પરબ્રહ્મ પદમાં જવું.

# પ્રભુનામજપ = નાવડી

નામસ્મરણ = પ્રત્યેક કાર્યનો ઈશ્વર સાથે સંબંધ જોડવો.

નામસ્મરણનું ક્ષેત્ર ઘણું જ શાસ્ત્રીય પરિમાણ છે.
પ્રત્યેક કાર્ય ઈશ્વરના નામે કરવાથી તે દિવ્ય બની જાય છે.
તદ્ધિ પાપાપહારિ । નામ એ પાપનું નિરસન કરનારું છે.
અપ્રકૃતિના નાશની જેમ પાપનાશની શક્તિ પણ નામમાં
રહેલી છે. જૈનધર્મમાં ઈશ્વર નથી, પરંતુ તેમની જગ્યાએ
રાગ-દ્વેષરહિત પુરુષનું ચિંતન છે, તેનો અર્થ ક્ષેત્ર જ છે:
પ્રભુનું સ્મરણ પાપમાંથી છૂટકારાનું આશ્વાસન આપે છે.
નામમાં તો એવી શક્તિ છે કે રજેરજ પાપ ધોઈ નાખે છે.
નામસ્મરણથી પાછલાં દુષ્કૃત્યો તદ્દન સાફ થાય છે તથા
એ જ માનવી સાવ નવો નક્કોર બની જાય છે.

જીવનમાં રાગ અને ભક્તિ સહિતનું
પ્રભુનું નામસ્મરણ બધાં જ પાપોનું પ્રક્ષાલન કરે છે.

મંત્રજાપથી શરીરની સાતે ય ધાતુ વધે છે.
મંત્રજાપથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી.

# નામજપનો અદ્ભુતપૂર્ણ મહિમા

'કલિયુગમાં છે નામ જહાજ'

એ શાસ્ત્ર સમાજનો આદર્શ છે.

શબ્દના અર્થમાં તન્મય બનવાનું નામ 'જપ' છે. રૂપ અને ભાવનાં સંયોગને શબ્દમાં નિહિત કરી તેનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન તે જપ. જપ એ સાધકને સિદ્ધ કરવા અને ચેતન મનને સમર્થ સાધન છે. જીવનલક્ષ્ય અને ધ્યેયને સ્પષ્ટ કરવા તથા ચિત્તની ઉચ્ચ અવસ્થામાં લઈ જવા માટે જપ એક ઉત્તમ માર્ગ છે,

પદસ્થ ધ્યાનની તે પૂર્વભૂમિકા છે.

નામનો મહિમા મોટો છે.

નામનો સુધારસ પીવાથી સર્વે દુઃખ ટળે છે, પાપમાત્ર દૂર થાય છે, અમર પદની પ્રાપ્તિ થાય છે. સર્વ વસ્તુનો સાર નામસુધામાં સમાઈ જાય છે. જેને આ સુધારસ પીવાનો લ્હાવો મળ્યો છે, એને પછી બીજી કોઈ વાતની ઇચ્છા કે આશા રહેતી નથી.

## મંત્રજપમાં પંચાંગુલનું મહત્ત્વ

(૧) અંગુષ્ઠ - જીવ, પરમાત્મા (૨) તર્જની - શિવ, જીવાત્મા (૩) મધ્યમા - માયા, કારણશરીર (૪) અનામિકા - કામ, સૂક્ષ્મશરીર (૫) કનિષ્ઠિકા - અહં, અભિમાન કે સ્થૂલશરીર.

ચિન્મુદ્રા એટલે જ્ઞાનમુદ્રા = તર્જની + અંગુષ્ઠનો સંયોગ.

## કેટલા ક્રોડ જપથી શું મળે?

એક ક્રોડ જપથી તન, બે ક્રોડથી ધન, ત્રણ ક્રોડથી યશ,
V. Imp. ચાર ક્રોડથી સુખ, પાંચ ક્રોડથી જ્ઞાન,
છ ક્રોડથી આંતરશત્રુઓનો નાશ,
સાત ક્રોડ જપથી સૌભાગ્ય, આઠ ક્રોડથી અપમૃત્યુ ટળે છે,
નવ ક્રોડથી અપરોક્ષાનુભૂતિ, ૧૦ - ૧૧ - ૧૨ ક્રોડથી સંચિત,
પ્રારબ્ધ તથા ક્રિયમાણ કર્મોનો નાશ થાય છે
અને ૧૩ ક્રોડ જપથી ભગવાનના સાક્ષાત દર્શન થાય છે.

## ક્રોડપતિ યોજના - જપની રોજ નોંધ રાખવી.

શિવમસ્તુની ભાવનાપૂર્વક નમો અરિહંતાણં પદનો પ્રતિદિન 1000 વખત જાપ કરવાથી 30 વર્ષમાં ક્રોડપતિ બનાય.

એ માન્યતા અદંતર ખોટી છે કે:

'અવિધિએ જાપ કરવા, તે કરતાં ન કરવા સારાં...'

અવિધિનો પશ્ચાતાપ અને વિધિનો રાગ -
એ રીતે કરીને જપ અભ્યાસ વધી શકે. કોઈ પણ કાર્ય
પ્રારંભથી વિધિસર ન થઈ શકે. દા.ત. એકડો કાઢવો.

જાપની ક્રિયામાં થતો અહંકાર દૂર કરવા
નિશ્ચયનયની વિચારણા - આત્મસ્વરૂપનો વિચાર કરવો:
'આ ક્રિયા તો અશુભથી રોકીને શુભમાં જોડનારી છે,
તે તો કાયા, વચન, ધનાદિ બાહ્ય વસ્તુઓથી થાય છે,
જે કેવળ પુદ્ગલબંધનું કારણ છે.'

હાથની અધિષ્ઠાયિકા પંચાંગુલી દેવી છે.

૫ મહાતીર્થ આપણી ૫ આંગળીઓમાં જ છે:
તર્જનીમાં શત્રુંજય, મધ્યમામાં ઉજ્જયંત,
અનામિકામાં અર્બુદગિરિ, કનિષ્ઠિકામાં સમ્મેતશિખરજી
અને અંગુઠામાં અષ્ટાપદ મહાતીર્થ સમાવિષ્ટ છે.
કોઈપણ મંત્રજાપ કરતાં પાંચે તીર્થની યાત્રા થાય છે.

## જપનો પ્રભાવ

જપથી પાપ પુણ્યમાં સંક્રમે, પાપ ઉદયમાં ન આવે નહીં,
પુણ્ય બળાત્કારે ઉદયમાં આવે નહીં, અલ્પકાળમાં જ
ઉદય આવનારું શુભ કર્મ બંધાય, સંબંધમાં
આવતી વ્યક્તિઓના વિષયમાં પણ એવું જ બને.
નજીકના કાળમાં નિકાચિત પાપ
ઉદયમાં આવવાનું હોય, તો જાપમાં મન ન લાગે.
જપના કંપનો માનસ આકૃતિઓમાં પણ જબરજસ્ત
ફેરફારો થાય. જપ કરનારના હૃદયમાં જે પરમાત્મા છે,
તેનો બધા સર્વજ્ઞ સત્કાર કરે છે,
જપનારને મદદ કરવાનું મન બધાને થાય છે.
જપના અક્ષરો અક્ષર (આત્મા)ના પ્રદેશોને ખોલે છે.
આપણે પરમાત્માને મનમાં લાવવા માટે જેટલો પ્રયત્ન
કરીએ છીએ, તેનું અનંત પ્રયત્ન (કાર્ય) પરમાત્મા
આપણા મનમાં આવવા માટે કરે છે.
એને જ 'કરુણા' કહેવાય છે.

જાપ કરનારે પ્રથમ આસન સિદ્ધ કરવું જોઈએ.

આસનથી દેહનું ચાંચલ્ય નાશ પામે છે.
ચાંચલ્ય રજોગુણ અને તમોગુણથી થાય છે.
તે નાશ પામતાં મન-પ્રાણનો નિગ્રહ સરલ બને છે
તથા ચિત્તમાં શક્તિ સ્ફુરાયમાન થાય છે.

## જાપ સમયે આસનનું મહત્ત્વ

સાધના સમયે મનઃસંયમના કારણે તડિત્ પ્રવાહ વહે છે.
મૃગચર્માદિ અને ઊનના વસ્ત્રમાં
વિદ્યુત પ્રવાહ વહી શકતો નથી, રોકાય છે.
મંત્રજાપ વખતે મન એ પતંગ છે, તેની દોર પ્રાણ છે.
પ્રાણની દોરીથી મનપતંગ બંધાયેલો છે.
મંત્ર એ દોરીની ચરખી સમાન છે.
જેમ ચરખીને ફેરવવાથી દોરી લપેટાય,
તેમ પતંગ નજીક આવતો જાય છે.
મંત્ર જપવાથી પ્રાણસંયમ થાય છે, તેથી
પ્રાણ વડે બંધાયેલું મન પણ પોતાને વશ થાય છે.

<u>મંત્રજાપ શા માટે?</u>

મંત્રજાપથી પ્રભુ જ શ્રદ્ધાને પાળે - પોષે - વૃદ્ધિ કરે છે.
જ્યાં શ્રદ્ધા હોય, ત્યાં નમ્રતા હોય છે.

<u>જાપની ગણતરી</u>

પરાવર્તના x ૧૦ વૈખરી જાપ x ૧૦૦ ઉપાંશુ જાપ
(અંતર્જલ્પ) x ૧૦૦૦ માનસ જાપ થાય છે.

:<u>જાપની સફળતાના ચાર ઉપાય</u>:

મૌન, મૈત્ર્યાદિભાવ, તત્ત્વચિન્તન, ઉચિત આચાર પાલન.
જાપમાં મન - વચન - કાયા જોડાય છે.
જાપમાં ખૂબ દિવ્યશક્તિ છે.
નાભિ, <u>હૃદય અને કંઠના સ્થાને બારાખડીનું</u>
રટન કરવામાં આવે, તો શ્રુતજ્ઞાની બની શકાય છે.

<u>નામસ્મરણનો અર્થ આવો થાય છે કે</u>:

ચિત્તમાં નિરંતર પરમેશ્વરનું સ્મરણ કરવું અને
જે મળે તેને પરમેશ્વરનો પ્રતિનિધિ સમજવો.
આ અંદરથી કરવાનો 'ધ્યાનયોગ' છે.

પ્રભુનામ એ તો માંગલ્યનિધિ છે.
તે તો પતિતને પાવન અને દુઃખવાનને મંગલ કરનારું છે.
મંત્રજપથી આધિઓ નાશ થાય છે.
પ્રાણાયામાદિથી છેક મસ્તક સુધી કુંડલિનીને ચઢાવવાને
તાળવું ગરમ થઈ જાય, નાડી અને હૃદયનાં ધબકારા બંધ પડે,
છતાં તેથી આત્મસાક્ષાત્કાર થઈ શકતો નથી.
તે માટે તો રાજયોગની જરૂર છે.
વધુમાં નામજપ અને હૃદયથી રૂપચિંતન કરવું જોઈએ.
નામસ્મરણ કરનારને ભગવાન વશ થાય છે.
નામ સર્વશ્રેષ્ઠ અને સર્વસુલભ તત્ત્વ છે.
વધુમાં નામ જપો, હૃદયમાં ધ્યાન ધરી.
સ્થિરતા પામવાનો ઉપાય નામરટણ છે.
પ્રભુનામ રટણ એક નિધાન છે.
એ જ મંત્ર, સેવા, પૂજા, તપ, જપ તીર્થ અને વ્રત છે.
નામને 'શબ્દ' કહે છે અને
વૃત્તિઓ તેમાં એકાગ્ર થાય, તેને 'સુરતિ' કહેવાય છે.

મંત્રજાપ શા માટે? ॐ 26-6-71

સંકલ્પની શક્તિ વધારવાને માટે સ્મરણ, પ્રણિધાન, સ્તોત્રો, મંત્રના અક્ષરો જોવા વગેરે પ્રયોગ સહાયક છે.

મંત્રજપનું અંતિમ ધ્યેય શું?

મંત્ર પદોમાં મનનો લય થાય, ત્યારે જ મંત્રસિદ્ધિ થાય.

આ અવસ્થામાં ત્રિપુટીનો વિલય થાય છે.

શરીરમાં હર્ષાશ્રુ અને રોમાંચાદિ પ્રગટ થાય છે.

મંત્રજપનું અંતિમ ધ્યેય મનોલયરૂપ સમાધિની પ્રાપ્તિ છે.

મોતીની માળામાં એકમેકને અડીને રહ્યાં હોવા છતાં મોતી એકમેકથી અલગ હોય છે, તેમ મંત્રાક્ષરોનો જાપ કરવો.

બહારથી માળા લઈને જાપ કરવો, એ સ્થૂલક્રિયા છે.

જેવું નામ લીધું કે તરત જ એનું તેવું રૂપ ખડું થઈ જાય એવું થવું જોઈએ, જેમ 'મા' કહેતાંની સાથે માનું પૂરું ચિત્ર સામે ખડું થાય છે.

જગતની ઈચ્છા ઉપર આપણે કાપ કરીએ, તો આપણી ઈચ્છાને માટે પણ તેમ જ બને.

## મંત્રજાપ કરતાં પૂર્વે

## આપાદમસ્તક ધ્યાન ધરાતાં ૨૦ અંગો

(૧) ડાબા પગનો અંગુઠો (૨) પગનું તળિયું (૩) પાની
(૪) ઘૂંટી (૫) પિંડી (૬) ઢીંચણ (૭) સાથળ (૮) ગુદા
(૯) લિંગ (૧૦) નાભિ (૧૧) ઉદર (૧૨) હૃદય (૧૩) કંઠ
(૧૪) જીહ્વા (૧૫) તાળુ (૧૬) નાસાગ્ર (૧૭) નેત્ર (૧૮) ભ્રકુટી
(૧૯) કપાળ (૨૦) મસ્તક.

## મંત્રજાપની ૩ ભૂમિકા

(૧) પ્રભુનો મંત્ર જપવો કેમકે તે પોતે મંત્રસ્વરૂપ છે.
(૨) મંત્રના જાણકારો ચિત્તસ્વરૂપ છે, જ્ઞાનના ભંડાર છે.
(૩) નામ એ ચૈતન્યનું નિજધામ છે.

આ પ્રકારની ૩ ભૂમિકાથી મંત્ર જપનારને
પરમાત્માનો સાક્ષાત્કાર થવામાં વાર લાગતી નથી.

જાપની શક્તિ કે પુણ્ય ઉપરાંત
જે કંઈપણ કામના અથવા તો ઇચ્છા થાય,
તે મનની નબળાઈ સમજવી.

## મંત્રજપ અને ૧૨ ભાવના

મંત્રજપ કાળે ચિત્ત અનિત્ય પદાર્થોથી વ્યાવૃત્ત થતું
હોવાથી અનિત્ય ભાવનાનો ઉદ્દેશ સાર્થક થાય છે.
એ રીતે પાંચ પરમેષ્ઠિનું શરણ
તે કાળે લેવાતું હોવાથી અશરણ ભાવના,
ધર્મનું ઉપાર્જન એકલાને થતું હોવાથી એકત્વ ભાવના,
'સર્વથી ભિન્ન આત્મા છે'
એવી પ્રતીતિ કરવાનો ઉપાય હોવાથી અન્યત્વ ભાવના,
જપકાળે આશ્રવનો નિરોધ થતો હોવાથી સંવર ભાવના,
શુભનો આશ્રવ થતો હોવાથી આશ્રવ ભાવના,
નિર્જરા થતી હોવાથી નિર્જરા ભાવના,
બોધિનો લાભ થતો હોવાથી બોધિદુર્લભ ભાવના,
ધર્મ ભાવના, લોકસ્વરૂપ ભાવના,
સંસાર ભાવના તથા અશુચિભાવના -
એમ ૧૨ ભાવનાનું ચિંતનફળ જપકાળે જીવનમાં પ્રગટે,
તેથી જપની શક્તિ અચિન્ત્ય મનાય છે.

# આત્મજ્ઞાન મેળવવા માટે જાપ

આત્મજ્ઞાન માટે જાપ એ સહેલામાં સહેલો ઉપાય આ કળિયુગમાં છે. જાપ સમાધિમાં પરિણમે છે. વારંવાર નામસ્મરણ એ જાપ. તેના 3 પ્રકાર છે: વૈખરી (વાચિક), ઉપાંશુ અને માનસિક. દરેકે ૧૦૮ પારાની માળા રાખવી જ જોઈએ. મનને ઈશ્વર પ્રત્યે વાળવા માટે માળા એ સાધક છે. વૈખરી અને ઉપાંશુ જાપ કરતાં માનસિક જાપ દશ હજાર ગણું અધિક ફળ આપે છે. રોજ ૧૦૮ વાર નવકારનો જાપ કરવો જ જોઈએ. નામનો પ્રભાવ ઘણો મોટો છે. ભગવાનનું નામ લેવાથી મનુષ્ય અજાણતાં પણ ઘણો ઊંચે ચઢે છે. શરીર સાથેની એકતાથી તે છૂટો થાય છે અને ભગવાન સાથે એકતા અનુભવે છે. જાપમાં શુદ્ધ ભાવ, પ્રેમ અને દિવ્ય ભક્તિથી નામ લેવું જોઈએ. ભગવાન સાથે એકતા અનુભવવાનો આ સહેલો ઉપાય છે. આંખોને મીંચીને પોતાના ઇષ્ટદેવતાનું ધ્યાન - એ પણ ઇષ્ટપ્રાપ્તિનો સરળ ઉપાય છે.

<u>નામજપનો મહિમા</u>

ગુરુ તથા શાસ્ત્ર વડે આત્માનું પરોક્ષજ્ઞાન થયાં પછી
તેને અપરોક્ષ બનાવવા મળવિક્ષેપનો નાશ થવો જોઈએ,
જે પ્રભુના નામસ્મરણથી થાય છે.

અપરોક્ષ જ્ઞાનનો ઉદય થયાં પછી પણ તેને દૃઢ કરવા
માટે અર્થના અનુસંધાનપૂર્વક નામસ્મરણ કરવું જોઈએ.

જીભ ઉપર પ્રભુનું નામ અને
અંતઃકરણમાં સ્વરૂપનું ધ્યાન જીવનને ધન્ય બનાવે છે.

<u>'આધ્યાત્મિક મૈથુન' એટલે શું ?</u>

<u>બંને હોઠ શિવ અને શક્તિ છે. મંત્રોચ્ચારણ સમયે
તેઓ બંને મળે છે, તેને 'આધ્યાત્મિક મૈથુન' કહેવાય છે.</u>

સમ્યગ્દૃષ્ટિ જીવના હૃદયમાં પ્રભુનામનો
સતત અજપાજપ ચાલે છે કે:
'જે કાંઈ મને મળ્યું છે, તે ભગવાનની કૃપાથી મળ્યું છે.
તે સર્વ મારું નથી, કિન્તુ ભગવાનનું છે...'
એ ભાવ તે અજપાજપ ગણાય.

આપણા મનની જે જે વાસનાનો નાશ
ઉગ્ર તપ તથા વૈરાગ્ય વડે કરવો પડે છે,
તે નામમાત્રના ઘોષથી થઈ જાય છે.
સુખ-દુઃખ પ્રત્યે જેવી લાગણી છે,
તેવી લાગણી પ્રભુના નામ-રૂપ પ્રત્યે થવી જોઈએ.
જ્ઞાન અને દર્શન -
આત્માના એ બે ગુણોનો વિકાસ
ભગવાનના નામ અને રૂપથી થાય છે.
પ્રભુના નામનો જપ અને રૂપનું ધ્યાન સાથે જોઈએ.
બ્રહ્મરૂપી અગ્નિમાં મંત્રજપ વડે પ્રાણાહુતિ આપવાથી
સ્વયં સ્વાહા થઈ બ્રહ્મમય બની જાય છે.
મંત્રજાપ વડે યોગનાં બધાં અંગો સધાઈ જાય છે.
'અર્હં પરમેશ્વરનું વાચક છે' એનો અર્થ એ છે કે પાંચ
પરમેષ્ઠિમાં શેષ ચાર પરમેષ્ઠિને બતાડનાર અને
મુક્તિમાર્ગના ઉપદેશક અરિહંત પરમાત્મા છે,
તેથી 'અર્હં' એ પ્રકૃષ્ટ પરમેશ્વરના આર્હન્ત્ય રૂપનું વાચક છે.

## Japa and Dhyana

Life is a sacrificial yagna. The best means for the discipline of dharma or prem or shanti or satya is meditation. It should be performed enthusiastically with full faith and care.

God is hidden by the mountain ranges of lust, anger, envy and selfishness.

Speak and act only subham, for subham alone is mangalam and mangalam alone is shivam.

By japam and dhyanam, understanding and wisdom will grow. Buddhi and manas have to be taught the art of drawing the cart of

antahkarma and move
steadily along the road of dharma,
shanti, prem-satya japa & dhyana.
Dhyana is the only island of refuge
in the ocean of life for all beings
tossed on the waves of anger,
desire, lust, dread and despair.
It cultivates prem, shraddha, jnan,
bhakti and self-realisation. I find
deep pleasure in the worship of God.
I renew my allegiance to the creator.
I put God first in word thought & deed.
I find God in the stillness
of my own being.
Maun is the best sadhna.

## જપ - શબ્દ - સમાધિનું માહાત્મ્ય

જપ = ધ્યાન સાથે બોલવું.

તે કાર્ય છે, ત્યાં કંપન છે, ત્યાં શબ્દ છે.

મનનાં સંકલ્પ - વિકલ્પો, ચિત્તનાં ચિન્તનો અને બુદ્ધિના નિશ્ચયો સર્વે પોતપોતાના શબ્દો ઊભા થાય છે.

એ બધા પ્રવૃત્તિ માનસિક શબ્દોનું જ પરિણામ છે.

શુભમય સત્ શબ્દોનો પ્રવાહ વહેવડાવશો,

તો અખંડ સુખ અવશ્ય મળે.

સર્વ પ્રવૃત્તિનું મૂળ 'શબ્દ' છે.

ઈશ્વરનું નામ એક અલૌકિક શક્તિ છે.

જે સહાયથી ત્યાં દોડી જાય છે, તે સહીસલામત છે.

મંત્રથી શબ્દનું મૂળ ઉતરી જઈને ભગવત્તા જન્મે છે. 'ભગવત્તાના સિદ્ધરસમાં લોહ, કાષ્ઠ અને પાષાણને પણ કંચન કરવાની તાકાત છે' એવું સમજાય, ત્યારે 'સમગ્ર વિશ્વ ઉપર તેની અમીવૃષ્ટિ થઈ રહી છે અને તેના જ સૂક્ષ્મ વિશ્વ અનુભવી રહ્યું છે' એવો ખ્યાલ આવે છે.

## નામજપના ૧૦ અપરાધ

(૧) પરનિન્દા. (૨) દ્વૈત - દેવોમાં ભેદ દૃષ્ટિ.

(૩) ગુરુવચનમાં અશ્રદ્ધા. (૪) શાસ્ત્રોમાં અવિશ્વાસ.

(૫) શાસ્ત્રનિષિદ્ધ આચારાદિ કરવા.

(૬) પ્રભુનામના માહાત્મ્યમાં અવિશ્વાસ.

(૭) પ્રભુનામના ભરોસે નિષિદ્ધ કર્મ કરવું.

(૮) પ્રભુનામના ભરોસે વર્ણાશ્રમાદિ ધર્મ આચરવા.

(૯) પ્રભુનામના ભરોસે નિત્ય-નૈમિત્તિક કર્મ છોડવા.

(૧૦) બીજાના સાધન સાથે ભજનની તુલના કરવી.

જપયોગથી થતી સમાધિ એ ભાવસમાધિ છે.

જેમ રૂપના અવલંબનથી ભાવમાં આવી ભાવ દ્વારા આત્મામાં મન વિલીન થાય, તેમ મંત્રના અવલંબનથી મંત્ર અને મંત્રદેવતાનો ભેદભાવ વિસરી જઈ સાધકનો આત્મા ઇષ્ટદેવના સ્વરૂપમાં લીન થઈ ભાવસમાધિ પામે.

ધ્યાતા, ધ્યેય તથા ધ્યાનની ત્રિપુટીનો નાશ થાય, ત્યારે જ આ મહાભાવસમાધિનો ઉદય થાય છે.

નામના ૧૦ અપરાધ અને પાપનું પ્રાયશ્ચિત પણ નામ-
જપથી જ થઈ જાય. અનન્ય જપની ભૂમિકામાં પહોંચતા
જપ કરનારને 'પોતે એ મંત્રનો દેવ જ છે' એવો અનુભવ
થઈ દ્વૈતભાવ જતો રહે છે. આવા રીતનો સાકાર સાથે
અભેદ થયાં વિના નિરાકાર અચિન્ત્ય પદપ્રાપ્તિનો
અધિકાર પ્રાપ્ત નથી થતો. નિર્બળનું બળ રામ છે. ખાલી
હાથે, અભિમાનનો ભાર બાજુએ રાખીને ઈશ્વર પાસે
જનારા નિર્બળને જ ઈશ્વર બળ આપે છે. રડવું - હસવું
હૃદયથી થાય છે, તેમ નામ પણ હૃદયથી લેવાવું જોઈએ.
ઓમ્ કે ૐ એ આત્મા અને પરમાત્માનું સાચું નામ છે.
ભગવાનના નામનું વારંવાર ઉચ્ચારણ તે 'જપ' છે અને
સદ્ગુરુભગવાનના રૂપનું વારંવાર મનન કરવું, તે 'ધ્યાન' છે.
ધ્યાન એ જપસહિત અને જપરહિત પણ હોય છે.
જપની પ્રગતિ વધે છે, ત્યારે જપ બંધ થઈ જાય છે અને
પછી તો કેવળ ધ્યાન જ બાકી રહે છે.

મંત્ર એ દેવતા છે અર્થાત્ ધ્વનિરૂપે પ્રકટતી દિવ્યશક્તિ છે.

## નામજપમાં ત્રણ મોટા અપરાધ ક્યા ?

પરસ્ત્રી - પરધન - પરનિંદા. બાકી ૧૦ નામ અપરાધ છે:

(૧) સાધુનિંદા (૨) અનેક નામોમાં ભેદબુદ્ધિ (૩) શાસ્ત્રનિંદા
(૪) ગુરૂજનની અવજ્ઞા (૫) નામ મહાત્મ્યને અર્થવાદ ગણવા
(૬) નામના જોરે પાપાચરણ કરવા
(૭) બાકી ધર્મ કરતાં નામજપને ઓછું મહત્વ આપવું
(૮) જેને ભાવ કે શ્રદ્ધા - રૂચિ ન હોય,
તેને ય આગ્રહ જોઈને ઉપદેશ કરવો (૯) અશ્રદ્ધા કરવી
(૧૦) અહંકાર - મમકારમાં લીન રહેવું. જપમાં કઠોર -
આસક્તિ ભાષણ, આલસ્ય ભટકણાદિ ઘણાં ત્યાજ્ય છે.

ધ્યાનજપના પ્રભાવે જપ [illegible] સ્ફુરવા લાગે છે.
અજપા જપ કરનારને દ્વૈતભાવ ચાલ્યો જાય છે અને
સદાય અનુભવ થાય છે કે: પોતે જ એ મંત્રનો દેવ છે.

પંચાંગસેવન = યોગ્ય આસન, મંત્રપદોની ઉચ્ચારણા, તેનો
અર્થભાવના, આલંબન તથા નિરાલંબન ધ્યાનને અનુક્રમે
સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, અનાલંબન યોગ કહે છે.

મંત્રયોગ વડે 'અનાહત' સુધી પહોંચાય છે,
ધ્યાનયોગ વડે 'અજપા'ને પામી શકાય છે.

મંત્રયોગમાં સાધન 'શબ્દ' છે, ધ્યાનયોગમાં સાધન 'મન' છે.
શબ્દથી બ્રહ્મ પકડાય, મન વડે આત્મા સુધી પહોંચાય.
બ્રહ્મનું પ્રભુત્વ મનના પ્રભુત્વને અને
મનનું પ્રભુત્વ બ્રહ્મના પ્રભુત્વને અપાવે છે.
અનાહત પ્રકૃતિ છે, અજપા દ્રવ્ય છે.
દુન્યવી બધાં નામ - રૂપોનું મૂળ તપાસવા જતાં
અનાહત અને અજપામાંથી જ
તે સર્વની ઉત્પત્તિ થયેલી માલુમ પડે છે.
'અનાહત' એ ધ્વનિ હોવાના કારણે
ક્રિયારૂપ, કર્મગુણના આવિર્ભાવરૂપ છે અને
અજપા એ સ્વસંવેદન રૂપ હોવાના કારણે
જ્ઞાનરૂપ, આત્માના જ્ઞાનગુણનો આવિર્ભાવ છે.
'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।' સૂત્રનું અંતિમ તાત્પર્ય પણ
અનાહત અને અજપામાં સમાવેશ પામે છે.

જપ એ અધ્યાત્મ છે, કેમકે તેનો પ્રારંભ
સૂક્ષ્મ અર્થના ભાષાવર્ગણાના આલંબનથી થાય છે.
ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કર્મ - ઉત્તરોત્તર સૂક્ષ્મ છે,
તે બધાને - પાપે પાપને આવરી લેવાની શક્તિ
પર્યાપ્ત + મંત્રજાપની વિધિયુક્ત આરાધનામાં રહેલી છે,
તેથી ઇષ્ટદેવતાની સ્તુતિ રૂપ નમસ્કારના મંત્રજાપથી જ
અધ્યાત્મનો મુખ્ય પ્રારંભ થાય છે.
જેમ મંત્રથી વિષાપહાર પ્રત્યક્ષ છે,
તેમ ઇષ્ટના નામમંત્રના જાપ વડે ભાવવિષ -
મિથ્યાત્વ-કષાયાદિના વિષનો અપહાર આપોઆપ થાય છે.
જપ પછી ઔચિત્યાલોચન, બીજું અંગ અધ્યાત્મ છે.
તેમાં હવે વિશિષ્ટ કોટિની ભૂમિકામાં
આગળ વધવા પોતાની યોગ્યતાને તપાસવાની હોય છે.
યોગાદિશુદ્ધિ, જનશ્રુતિ, નિમિત્તશુદ્ધિ
આદિ લિંગો વડે તેની પરીક્ષા થાય છે.
તે પૂર્વક થયેલું ધર્મારાધન નિર્વિઘ્નપણે પાર ઉતરે છે.

અધ્યાત્મનું ત્રીજું અંગ આત્મસંપ્રેક્ષણ છે.

દુષ્કૃતગર્હાદિ વડે આત્મશુદ્ધિ એ તેનો વિષય છે,
તેનો જ વિસ્તાર પછી દેવાદિવંદન, પ્રતિક્રમણ અને
મૈત્ર્યાદિ ભાવોનું સંવેદન કરવું તે છે. તે અનુષ્ઠાનો
વડે શરણાગમનાદિ ક્રિયાઓ સહેલાઈથી બની શકે છે.

ગુરુથી 'નમો' મંત્ર મળે છે,

મંત્રથી અરિહંત દેવનું સ્વરૂપ ઓળખાય છે અને તેથી
મન, પ્રાણ અને આત્મા દેવગુરુની ભક્તિમાં જોડાય છે.
મંત્રરૂપી મૂર્તિને ગ્રહણ કરીને દેવોના પણ દેવ, સર્વજ્ઞ,
સર્વવ્યાપી અને રાગાદિદોષરહિત શાંત એવા ભગવાન
શ્રી જિનેશ્વર દેવ મારી સન્મુખ સાક્ષાત્ પ્રગટ થયાં છે.

Omniscient, Omnipresent and
Omnipotent એવા પરમાત્માની સાથે ગુરુપ્રદત્ત
મંત્ર વડે મારા આત્માની એકતાની અનુભૂતિ થઈ, તેનો
પ્રમોદ, હર્ષ સર્વ આત્મપ્રદેશોએ એટલે કે
સર્વ રોમ-રોમમાં પ્રગટ થવો જોઈએ.

ત્રિલોકનાથ સર્વ જગતજીવોના ઉધ્ધાર માટે નહીં
'આશરહા અહીં વિશ્વનું શું થશે?' એ કરૂણાભાવથી,
પોતાનું મંત્રાત્મક શરીર અહીં મૂકીને મોક્ષે ગયાં, પરન્તુ
બે વસ્તુ મૂકી ગયા : એક મંત્ર અને બીજી મૂર્તિ.
મંત્ર અનાહત નાદરૂપે જગતલોકનો ઉધ્ધાર કરવા સમર્થ છે
અને મૂર્તિ આત્મજ્યોતિરૂપે સર્વને પ્રકાશ આપી રહેલ છે.

એ રીતે મંત્ર અને મૂર્તિ દ્વારા
નાદ અને જ્યોતિની ઉપાસના ભગવાનના વિરહકાળમાં
પણ ઉપાસકો માટે ભગવાનનું કાર્ય કરી રહેલ છે.
મંત્રજપ એ સ્મરણનો જ એક પ્રકાર છે. જપનું
અંતિમ તાત્વિક સ્વરૂપ અનાહત નાદમાં વિશ્રાંતિ છે.

મંત્રદેવતા પાપનાશ માટે સમર્થ હોય છે.

મંત્રજાપ વડે પ્રાણબળ અને મનોબળ વધે છે.
સર્વત્ર આત્મદૃષ્ટિરૂપી જ્ઞાનબળ ન હોય તો પ્રાણબળ
અને મનોબળ વધવાથી અહંકારની પણ વૃદ્ધિ થાય છે.
આ વિકસિત અહંભાવની શુદ્ધિ જ્ઞાનભાવથી થાય છે.

નવકાર મંત્રની ચૂલિકાના ચાર પદોનો સંગ્રહ
નીચેના બે મંત્રોમાં થઈ જાય છે:

'ॐ નમઃ સવ્વપાવપ્પણાસણો ।' 'ॐ નમઃ સિદ્ધં ।'

'ૐ'કારમાં રહેલા પંચ પરમેષ્ઠિના નમસ્કારથી સર્વ વિભાવદશાનો નાશ અને સ્વભાવદશાનો લાભ થાય છે, કેમકે બેઉને નમસ્કાર કરવામાં આવ્યો છે, તેથી વિભાવદશાથી મુક્ત તથા સ્વભાવદશાથી યુક્ત છે.

## અખંડ ચિત્તે જાપ

જાપ દ્વારા પ્રાપ્ત થતી ધ્યાનની સ્થિતિ ટકાઉ હોય છે. ધ્યાનાવસ્થામાં લીનતા મેળવવાના લક્ષ્યથી જાપ કરવો. અચિન્ત્યશક્તિ સંપન્ન કરુણામય પરમાત્મસ્વરૂપની ભાવના કરતાં કરતાં અખંડ ચિત્તે જાપ કરતાં રહેવું જોઈએ. ધ્યાનાવસ્થામાં લઈ જનારો અર્થચિન્તન ભાવનાપૂર્વકનો જાપ વધારે ઉપકારક છે. જાપની ટેવ પાડવા ખાતર અમુક નિયત સંખ્યાના લક્ષ્યપૂર્વક થતો જાપ પણ ઉપયોગી છે, દા.ત. રોજની ૫ માળા અથવા સવા લાખ મંત્રજાપ.

Dt. 4/12/70

## આપણું અંતઃસ્વરૂપ ઓળખો...

Imp મન - બુદ્ધિને તદ્દન શાંત કરીને આત્મામાં આત્મારૂઢ થતો જાય અને તેનું સ્વરૂપ પછી જ્યોતિદર્શન. જ્યોતિમાં અભેદ પ્રણિધાન એટલે સંપૂર્ણ સમતાપૂર્વક એક આકારને બિંદુ ધ્યાન. શાંત - ચિત્ત થવાથી અનાહતનું સંગીત સંભળાય બાદ ચૈતન્ય સાથેનો અભેદ વધુ સમય રહે છે, જ્યોતિના પ્રકાશમાં ષટ્ચક્રોનું દર્શન થાય છે.

*The joy of giving in life is one of the greatest joys in life.*

એ સ્થિતિ પછી કોઈપણ અવસ્થામાં દુઃખ અથવા સુખ જેવું રહેતું નથી. આંતરિક સાધનામાં નિર્વિકલ્પદશાના અભ્યાસની થોડીવારની પછી તે સ્થિતિ આંતરિક દશામાં અપૂર્વ વેગ આપે છે.

આનંદ, વિશ્વાસબાહુલ્ય અને નૈતિકભાવના મંત્રસિદ્ધિમાં સહકારી કારણ છે.

जपस्तु सर्वधर्मेभ्यः परमो धर्म उच्यते ।
अहिंसया च भूतानां जपयज्ञः प्रवर्तते ॥१॥

સર્વ ધર્મોમાં 'જપ' તે પરમ ધર્મ છે.
અહિંસા વડે જપયજ્ઞ પ્રવર્તે છે.
જપ વડે જ સિદ્ધિગતિ અને
જપ વડે જ જીવનમોક્ષ પ્રાપ્ત થાય છે.

જપનું ફળ સ્નેહપરિણામ છે. જપ વડે મન નિર્મળ થવાથી તથા મૈત્રી - ઇંદ્રિયો ઉપર અંકુશ આવવાથી ક્ષમાગુણની પ્રાપ્તિ થાય છે.

પાપનું મૂળ પુદ્ગલ પ્રત્યેનો પ્રેમ છે,
ધર્મનું મૂળ જીવો પ્રત્યેનો દ્વેષ છે. જપ વડે કામ, ક્રોધ, લોભનો નાશ થઈ મૈત્રી, માધ્યસ્થ્ય, કારુણ્ય પ્રગટે છે.

જપ એ ભક્તિનો એક પ્રકાર છે,
તેમાં મૈત્રી, માધ્યસ્થ્ય તથા કરુણા છૂપાયેલાં છે.
પુદ્ગલ પ્રત્યે નમનશીલ જીવને ચૈતન્ય પ્રત્યે
નમનશીલ બનાવવાનો ઉપાય નવકાર છે.

## જાપના ૫ સાધનો

જપ, તપ, અર્ચન, કરણ, અંતર્યોગ.

'અંતર્યોગ' એટલે નાભિમંડળની મધ્યમાં
અષ્ટ કષાયોનો ૮૦૦ વખત હોમ કરવો તે...
અથવા કષાયચતુષ્ટયનો હોમ એ 'અંતર્યોગ' છે.

સ્મૃતિના મહાન રૂપને જાણવું - અનુભવવું,
એ આધ્યાત્મિક માર્ગમાં મહારહસ્ય છે.

## જાપમાં સંભળાતા ધ્વનિના પ્રકાર

મોટેથી શબ્દ તે ઉપાંશુ જાપ, મનમાં શબ્દ તે માનસજાપ.
પ્રારંભમાં શંખધ્વનિ, મધ્યમાં મેઘનાદ અને અંતે પર્વત ઉપરથી પડતાં ધોધ જેવો ધ્વનિ સંભળાતો હોય છે.

## આધ્યાત્મિક અનુભવો માટે એ ક્રમ છે કે:

પ્રથમ ક્રિયા, પછી ભાવ.

કોઈપણ ક્રિયા પ્રથમ physical બને છે,
પછી mental અને અંતે spiritual બને છે.

જાપના અધિકારી કોણ? સમ્યગ્દૃષ્ટિ, વિનીત, શીલવાન.

## સર્વશ્રેષ્ઠ જપયજ્ઞ

મંત્રજાપ એ મનોગુપ્તિનું - મનના રક્ષણનું સાધન છે તથા મનોગુપ્તિ એ મોક્ષનું સાધન છે.

મંત્રથી બંધાયેલ મન વડે ભગવાનનું પ્રણિધાન થાય છે. નામનો જાપ કરવાથી બાહ્ય વ્યાપારોનો નિરોધ થાય છે. જાપથી શબ્દાદિ બાહ્ય વ્યાપારો રોકાઈ જવાને કારણે જે આંતર્જ્યોતિ પ્રગટ થાય, તેને 'પ્રત્યક્-ચૈતન્ય' કહે છે. શાસ્ત્રોમાં વિશિષ્ટ ગુણવાન પુરુષોના પ્રણિધાનથી મતાકૂળ થવાનું કહ્યું છે, તે વાત ભગવાનના નામનો જાપ કરવાથી પ્રત્યક્ષ અનુભવાય છે. જાપ વડે પાપનાશનું સ્વાભાવિક કાર્ય થતું જ રહે છે. પછી તે જાપ વ્યગ્ર ચિત્તે રહે કે એકાગ્ર ચિત્તે. અતીન્દ્રિય શાંતિ તથા અલૌકિક આનંદનો અનુભવ તો એકાગ્ર ચિત્તે થતાં જાપ વડે જ અનુભવાય.

યોગાચાર્યોએ જાપને સ્તોત્ર કરતાં પણ કોટિગુણા ફળવાળો કહ્યો છે, એટલું જ નહીં, પરન્તુ જાપને ધ્યાનની વિશ્રાન્તિ રૂપ ભૂમિકા પણ કહી છે.

# જપથી આનંદ

અનિયત રટણ દૈવી સંપત્તિને વધારે છે, નિયત રટણ મહાત્માના ઉપદેશ દ્વારા બ્રહ્મલાભ કરાવે છે.

જ્યારે પ્રભુનું નામ મને કે કમને,
જાણે કે અજાણતાં પણ લેવાય,
તો પણ એ નામજપનું ફળ અવશ્ય મળે છે.
અજાણતાં દેવતામાં પગ પડી જાય,
તો તેય કાંઈ તેને દાઝ નહિ દેતો, એવું નહિ બનતું.
તે જ પ્રમાણે ભગવાનનું નામ ગમે તે બહાને બોલાય,
તો પણ તે સર્વ પાપોને ભસ્મ કરી નાંખે છે,
માટે નામજપ એ મોક્ષનું અનુપમ સાધન છે.

તેનું જીવન ધન્ય ધન્ય છે કે જેની જીભ ઉપર પ્રભુનામ અને પોતાના અંતઃકરણમાં સ્વરૂપનું સતત ધ્યાન છે.

સૌ સાધનાનો જો કોઈ એકમાત્ર સત્વશીલ સાર હોય તો, પ્રભુનો જપ જો સૌને હોય, તો તેમને પામવાનો ઉપાય - નામજપ પણ સૌ આચરી શકે એવો હોવો જોઈએ.

Imp નિરાકાર, નિષ્કલંક દેહમાં પ્રકટેલા બ્રહ્મજ્યોતિ
પ્રભુના નામજપ દ્વારા સતત ગતિમાન રહે છે.

નામના સામર્થ્ય || પ્રભુનામથી તો ખૂટતું પૂરાય છે.
પ્રભુનામથી તો વિગુણતા - ખામી સદ્ગુણ બની જાય
અથવા ખામી ગુણાવતી બને છે અર્થાત્ પૂરાઈ જાય છે.
ખામી કાં તો સાધનથી પૂરાય કાં કર્મની કુશળતાથી, પરન્તુ
તે તો હોતાં નથી, તેથી સાધકને નામનું શરણ બને છે.
નામસ્મરણથી સાધકની આંતરિક સાધના પૂર્ણ થાય છે.
નામથી બાહ્ય ન્યૂનતાની પણ ચમત્કારિક રીતે પૂર્તિ થાય
તથા આંતરિક - બાહ્ય બંને પ્રકારના સદ્ગુણો સધાય છે.
ઈશ્વરના નામની એક સ્વયંભૂ શક્તિ છે, તેથી નામ-
સ્મરણથી ચમત્કાર થાય જ છે, આ શ્રદ્ધાની વાત છે.

નામસ્મરણપૂર્વક જે કાર્ય કરવામાં આવે, તેથી
કાર્યની આંતરિક અને બાહ્ય ન્યૂનતાની પૂર્તિ થાય છે.
નામસ્મરણની પ્રક્રિયા પ્રેમ, શ્રદ્ધા, કૃતજ્ઞતાગુણ ઉપર
અને મહાવાક્ય ચિંતનની પ્રક્રિયા તાણ ઉપર ઉભી છે.

જપયજ્ઞને 'બ્રહ્મયજ્ઞ' પણ કહે છે.

મંત્રોનો વિનિયોગ વિવિધ પ્રાયશ્ચિતો માટે
તથા અભ્યુદય નિઃશ્રેયસની પ્રાપ્તિ માટે થાય છે.
વર્ણ અથવા વર્ણસમૂહનું મંત્રત્વ, એમાં નિહિત
નિગૂઢ ચેતનાને જાગ્રત કરવામાં છે. એ માટે નિરંતર
નાદાનુસંધાન, સતત જપનું અનુષ્ઠાન કે શ્રદ્ધાપૂર્વક
દેવતાના સ્વરૂપ પર મનને નિરંતર સ્થિર કરાય છે.
અગ્નિતત્ત્વ પ્રકાશિત થઈને સાધકમાં ચૈતન્ય ઉત્પન્ન કરે છે,
વાયુતત્ત્વ તેમાં જીવનું પ્રતિષ્ઠાન કરે છે,
આકાશતત્ત્વ મંત્રપૂર્તિ કરે છે.
મંત્રોનો અચિન્ત્ય પ્રભાવ ચિત્તને મંત્રરૂપ બનાવે છે.
ચિત્તં મંત્રઃ = મંત્રાકાર ચિત્ત થયે સિદ્ધિલાભ નિશ્ચિત થાય.
વાચ્યવિશ્વમાં શિવ – વાચકવિશ્વમાં શક્તિની પ્રધાનતા છે.
શબ્દને 'શક્તિ' કહે છે અને અર્થને 'શિવ' કહે છે.
ષડધ્વના છ નામ છે: (૧) વર્ણ (૩) મંત્ર (૫) તત્ત્વ
(૨) પદ (૪) કલા (૬) ભુવન. એ વિશ્વના માતાપિતા છે.

જાપ વડે પાપવિષનો પરિહાર થાય છે. તે સ્તુતિરૂપ
ભક્તિ મંત્રદેવતાના પરમ અનુગ્રહને પાત્ર બનાવે છે.

જપ એ ધ્યાનનું સાધન છે,

સતત અભ્યાસ દ્વારા તે ધ્યાનરૂપે પરિણામ પામે છે.

વીશસ્થાનક આદિ તપોવિધાનમાં પણ

જાપને અનિવાર્ય સ્થાન મળેલું છે.

નામસ્તવરૂપ લોગસ્સ સૂત્ર પણ મંત્રસ્વરૂપ છે, તેથી
પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયામાં વિહિત થયેલ છે.

કાયોત્સર્ગમાં લોગસ્સ સૂત્ર વગેરેનું

ઉચ્ચારણ તથા સ્મરણ - એ પણ

ભાષ્ય જાપ અને માનસિક જાપનો જ એક પ્રકાર છે.
ચૈત્યવંદન, દેવવંદન, સ્તુતિ, સ્તવન, સ્તોત્ર, સ્મરણાદિ
અને શાસ્ત્રનો સ્વાધ્યાય આદિ પણ દેવતાઓના
સ્તવાદિ રૂપ ભક્તિ તે ભાષ્યાદિ જાપ સ્વરૂપ જ છે.
જપરૂપી અધ્યાત્મયોગના સતત અભ્યાસથી આત્મ-
ભાવના - ધ્યાન અને સમતાયોગ સુધી પહોંચી શકે છે.

## મન, મંત્ર અને પ્રભુ સાથે જાપ

મન, મંત્ર, પ્રભુ સાથે નવપદોની આરાધના હૃદયમાં કરવાથી અસીમ આનંદ અને રોમાંચ અનુભવાય છે, તેજ પ્રકાશનો અનુભવ અને વાઈબ્રેશનની ઘણી વૃદ્ધિ થાય છે. 'આત્મા - પરમાત્મામાં કોઈ ભેદ નથી અને સર્વ કાંઈ આત્મસ્વરૂપ છે' એ અનુભવ કર્મનો ભુક્કો કરી દે છે, આત્માને અનહદ આનંદનો અનુભવ થાય છે, મહાન પુણ્યના ઉદયથી પાંચ સમવાય અને સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મન, મંત્ર અને પ્રભુ સાથે જાપ કરવામાં ૪૫ મિનિટ સમય લાગે છે. રોજ ૪ માળામાં ૩ કલાક લાગે છે. નવપદજી અને પંચ પરમેષ્ઠિમાં જ્યારે આત્મસ્વરૂપ દેખાવા લાગે, ત્યારે મંત્રસિદ્ધિ થઈ ગણાય છે.

સ્તુતિ વખતે કંઠગત ભાવમાં એકાગ્ર થવું,
જાપ વખતે હૃદયગત અનાહતમાં એકાગ્ર થવું,
ધ્યાન વખતે નાભિગત મણિપુરમાં એકાગ્ર થવું અને
લય વખતે મૂલાધારગત સ્વાધિષ્ઠાનમાં એકાગ્ર થવું.

પરમેષ્ઠિ સ્મરણમાં આત્મસ્વરૂપનું સ્મરણ અનુભવાતું હોવાથી દેહાધ્યાસ છૂટી જ જાય છે તથા તેના સ્થાને આત્માધ્યાસનો અભ્યાસ પાડવા પંચપરમેષ્ઠિ ભગવંતોનું વારંવાર સ્મરણ આવશ્યક છે.

<u>પાંચ પરમેષ્ઠિ, નવપદ અને વીશ સ્થાનક - સૌમાં પર્યાયભેદે ભેદ છે, આત્મસ્વરૂપથી અભેદ છે.</u>

અરિહંત, સિદ્ધ આદિ આત્માની જ ભિન્ન ભિન્ન સર્વ અવસ્થાઓનાં નામ છે.

આત્મા નિશ્ચયથી નામરૂપ રહિત છે, છતાં તેનો વ્યવહાર કરવા માટે નામ - રૂપ અગત્યનાં છે.

'અરિહંતાદિ નામ અને તેમના રૂપ એ આત્માનાં જ નામ અને રૂપ છે' એવી પ્રતીતિ જ્યારે દૃઢ થતી જાય, ત્યારે મોહનો આપોઆપ વિલય થાય અને રાગ-દ્વેષરહિત વીતરાગસ્વરૂપની અનુભૂતિ થવા લાગે છે.

અરિહંતાદિમાં આત્માના સ્વરૂપને જ જોતાં શીખવું, એ અભાવ વધવાનો માર્ગ છે.

## જપનો ત્યાગ ક્યારે કરવો ?

ચિત્તની વિપરીત ગતિ થવા લાગે, ત્યારે જપનો ત્યાગ કરવો. વ્યાકુળ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી ચિત્તને વિશ્રાંતિ મળે અને પુનઃ જપમાં સારી પ્રવૃત્તિ થાય છે. જપ યથાર્થ થયો ત્યારે ગણાય, જ્યારે તે અક્ષરશુદ્ધિ, ઉચ્ચારશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ, ભાવશુદ્ધિપૂર્વક થયેલો હોય.

મંત્રજપની બે અનિવાર્ય શરતો : શ્રદ્ધા - મનઃશુદ્ધિ.

શ્રદ્ધા અને શુદ્ધિપૂર્વક મંત્રનું સ્મરણ મહામંગળકારી અને સર્વતોમુખી ઉન્નતિ કરનારું છે. અંત સમયે મંત્રસ્મરણથી મતિ સુધરે છે, લેશ્યા વિશુદ્ધ થાય છે અને પરિણામે સદ્ગતિ સાંપડે છે.

o

કરાવર્ત જાપ

| | | |
|---|---|---|
| ૯ | ૨ | ૬ |
| ૫ | ૧ | ૩ |
| ૮ | ૪ | ૭ |

હસ્તાવર્ત જાપ

| | | | |
|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૬ |
| ૨ | ૧૧ | ૧૨ | ૭ |
| ૧ | ૧૦ | ૯ | ૮ |

પ્રભુનામનો જપ કરતાં તાળવામાંથી અમૃત ઝરતું હોઈ માનવનું સર્વ દુઃખ ભૂલાઈ જાય છે. જપનું અંતિમ તાત્ત્વિક સ્વરૂપ એટલે અનાહત નાદમાં વિશ્રાંતિ.

તે જપ મધ્યમમાર્ગ - સુષુમ્ણામાં સંલીન કરવો જોઈએ. મધ્યમ માર્ગ સંલીનતા મધ્યમ માર્ગની ઉન્મુક્તતાથી, ઉન્મુક્તતા તે નિષ્કલ ઉચ્ચારથી (સહજ માનસજપ)થી, તે આવે પ્રયત્નપૂર્વકના ઉચ્ચાર રૂપ સકલ જપથી.

મંત્રજપાન્મનોલયો મંત્રયોગઃ। જપ કરતાં કરતાં મનનો જે લય થાય છે, તેને 'મંત્રયોગ' કહે છે.

જીવાત્મા - પરમાત્માની એકતાનું સાધન એ જ યોગ. વિવિધ નામ - રૂપનું પ્રભવસ્થાન ચિત્ત છે તથા તેના નિરોધથી યોગ સિદ્ધ થાય છે. 'યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ।' જો ચિત્તને એક જ બિન્દુ ઉપર, એકાદ ચક્ર ઉપર, ઇષ્ટદેવ યા ગુરુમૂર્તિમાં, અજપામાં, નાદશ્રવણમાં, શ્રવણના ચિન્તન - મનન - નિદિધ્યાસનમાં જો એકાગ્ર કરવામાં આવે, તો અલૌકિક કાર્યો સહજમાં જ બની શકે.

સૌથી વધારે મંગળમય પરમાત્માનું નામ છે.
તેને મનમાં અથવા મનમાં ભાવે સ્મરણ કરવું,
એ સૌથી શ્રેષ્ઠ મંગળકારી ક્રિયા છે, તેથી
સર્વ અમંગળો દૂર થઈને મંગળની પ્રાપ્તિ થાય છે
અને પ્રતિદિન તેની વૃદ્ધિ થયાં કરે છે.
બોધિ = નમસ્કાર, સાચી સમજણ.
સમાધિ = સમાધિત, સમજણનો અમલ.
ઓંકાર = નાદ, અર્હંકાર = જ્યોતિ.
નાદનું મૂળ નામ છે, જ્યોતિનું મૂળ રૂપ છે.
નામની પૂર્ણાહુતિ નમસ્કાર. 'નામસ્મરણ કલ્યાણકારી છે'
એવી શ્રદ્ધા રાખીને જપ કરનારને લાભ થાય છે.
પ્રથમ નામસ્મરણ પછી ભજન - કીર્તન, એ ક્રમ છે.
બધા ધર્મ કરતાં જપધર્મ વિશેષ ફળદાયી છે, કેમકે
ધર્મ અન્ય દેવને ઉદ્દેશીને થાય છે, જપધર્મમાં દેવના
પણ દેવ, ત્રિલોક પર જેનું પ્રભુત્વ છે, એવા પરમાત્મા
પરમેશ્વરનો સાક્ષાત્કાર થાય છે, તેથી તેનું ફળ વિશેષ છે.

તપ મહાન છે, કિન્તુ તે જ્યારે જપથી યુક્ત બને છે,
ત્યારે સર્વશ્રેષ્ઠ ફળને આપે છે.

જપ પૂરો કર્યાં પછી જપની અર્થભાવના કરવી જોઈએ.

મંત્રજપ માત્ર શબ્દનો નહિ, કિન્તુ જે
શબ્દ મંત્રરૂપ બનેલો હોય, તેનો જ જપ હોય છે.

બધા યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ શાથી ?

યજ્ઞમાં જેમ અગ્નિ - આહુતિ તથા મંત્રોચ્ચાર હોય છે,
તેમ જપયજ્ઞમાં જપ અગ્નિરૂપ છે,
આહુતિ વાસનાઓની અપાય છે અને તેમાં
શબ્દનું જે આલંબન લેવાય છે, તે મંત્રોચ્ચાર છે.

બ્રહ્મયજ્ઞ = જપયજ્ઞ. તે બધા યજ્ઞોમાં શ્રેષ્ઠ યજ્ઞ છે,
કેમકે તેમાં પરમાત્માનું અનુસંધાન છે.

આત્મા, પરમાત્મા અને બ્રહ્મનો વિચાર મુખ્ય બને છે,
ત્યારે તેના સાધન તરીકે યોગ, મંત્ર, જપ વગેરેની
પ્રતિષ્ઠા વધે છે. જપયજ્ઞ વડે ધર્મ, અર્થ, કામ, મોક્ષ-
રૂપ ચાર પુરુષાર્થની સિદ્ધિ થાય છે.

जकारो जन्मविच्छेदः पकारो पापनाशकः ।
तस्माज्जप इति प्रोक्तो जन्मपापविनाशकः ॥

જેમ સમુદ્રમાં અહર્નિશ ગર્જન થતું રહે છે, તેમ જપના મંદ અવાજની નિયમિત ગતિથી વાયુમંડળમાં એક પ્રકારનો અનાહત નાદ સતત ગુંજતો રહે છે.

ગુરુએ શિષ્યના હિત માટે જે શબ્દો રટણ કરવાનું કહ્યું હોય, તે શબ્દો મંત્રરૂપ ધારણ કરે છે તથા તેનું રટણ જપની કોટિમાં જ આવે છે.

मानसो मनोमात्रवृत्तिनिर्वृत्तः स्वसंवेद्यः । અર્થાત્: માનસજપ માત્ર મનથી થાય છે અને તે સ્વસંવેદ્ય છે.

ધ્યાનજપ = મંત્રપદોનું વર્ણાદિપૂર્વક ધ્યાન કરવું તે.

ધ્યેયૈક્યજપ = ધ્યાતા તથા ધ્યેયની એકતાવાળો જપ.

વર્ણમાળાનો દરેક અક્ષર મંત્રરૂપ છે, તેનો જપ અને ધ્યાન કરતાં વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે.

જપ એ વિષયો તરફ જતાં વિચારપ્રવાહને અટકાવે છે, મનને પ્રભુ તરફ વાળી રજસ્માંથી સત્ત્વમાં પલટે છે.

મંત્રજપ એ દેવતાની સ્તુતિરૂપ છે, તે નિયમિત-નિત્ય કરવાથી દેવતા પ્રસન્ન થાય છે અને સાધકને ભુક્તિ - મુક્તિ ઉભય આપે છે. મુક્તિ સમીપ આવે એવા સાધન - સંયોગો મેળવી આપે છે અને તેના આધારે સાધક મુક્તિ મેળવી શકે છે. આમાં દેવતાનો અનુગ્રહ કારણ છે, તેથી તે મુક્તિદાતા સમજવાના છે. જપયજ્ઞમાં હિંસા ન હોવાથી નિર્મળતા જળવાઈ રહે છે, તેથી સિદ્ધિ અવશ્ય મળે છે. પવિત્ર નામ ફરી ફરી બોલવું તે જપ, જે વડે ભક્ત ઊંચે અનંતને પહોંચે છે.

જપ એ આત્માની ભૂખ છે, સર્વ સંકટોથી બચાવે છે.

ઊંચા સ્વરે સ્તવન - સ્તોત્ર બોલાય,
તેના કરતાં મનમાં થતો જપ અને ધ્યાન એ શ્રેષ્ઠ છે.

ઈશ્વરમાં સમાઈ જવું એટલે સાક્ષાત્કાર થવો.

બધા રસાયણોમાં નામરસાયણ શ્રેષ્ઠ છે.
૧ રતી પ્રમાણ પણ જો તે પેટમાં જાય,
તો સાધકનું શરીર કંચનવર્ણું થાય.

# મંત્રચૈતન્યને પ્રગટાવવા જપસાધના

नाऽजप्तः सिध्यति मन्त्रोऽनाहुतश्च फलप्रदः ।
विभूतिं चाऽग्निकार्येण सर्वसिद्धिश्च विन्दति ॥

જપમાં સર્વ મંત્રાક્ષરોનું જ્યોતિર્મય ધ્યાન કરવાનું છે.
ધ્યાનમાં દરેક વર્ણને પ્રકાશમય ચિન્તવવો જોઈએ.
અંતે મંત્રદેવતાનું ચિન્મય ધ્યાન ધરવાનું છે અને
તે જ મંત્રચૈતન્યને પ્રગટાવે છે.

જપ એ ધ્યાનરૂપી અગ્નિ છે, જેમાં આહુતિ
વાસનાઓની અપાય છે અને શબ્દ એ મંત્રોચ્ચાર છે.

કેટલાં દિવસમાં કેટલાં જપ થઈ શકે?

લક્ષ = ચિત્તવૃત્તિનું તદાકારપણું.

૭ દિવસમાં ૧॥ લાખ જપ સહેલાઈથી થઈ શકે.
૧૪ દિવસમાં ૨॥ લાખ અને ૨૧ દિવસમાં ૩॥ લાખ.
૧ દિવસમાં આઠ વિભાગમાં ૧૮૦૦૦ જપ થઈ શકે.
જીવન સફળ કરીને કૃતકૃત્યતા અનુભવવા હોય,
તેણે એકાગ્રતાપૂર્વક જપસાધના અવશ્ય કરવી જોઈએ.

## મંત્રજપના છ હેતુ

मनः प्रहर्षणं शौचं मौनं मंत्रार्थचिन्तनम् ।
अव्यग्रत्वमनिर्वेदो जपसंपत्ति हेतवः ॥१॥

સમજૂતિ: પ્રસન્ન મન, પવિત્રતા, મૌન, મંત્રાર્થ ચિન્તન, ચિત્તની અવ્યગ્રતા અને અખેદ - એ જપના હેતુ છે. મંત્રજપ વડે પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સિદ્ધ થાય છે.

જાપ એ ધારાવાહી મંત્રસ્મરણ છે,
તે માત્ર વૈખરી - વ્યાપારરૂપ નથી.

મૌનપૂર્વક મંત્રનો જાપ કરનારને ફળસિદ્ધિ થાય છે.
મંત્રને દીપ્ત કરવા માટે તે પ્રકાશમય છે,
તેમાં ધારણા પ્રાપ્ત કરવાની રહે છે.
જ્યારે પરતત્ત્વ સાથે યોજન થાય,
તેમાં સ્થિતિમાં મનોવૃત્તિને સહસ્રાર કર્ણિકાની નીચે સંયમ કરીને સર્વ સંકલ્પરહિત બનવાનું રહે છે.

સમાલંબનની બધી પ્રક્રિયાઓ ચારમાં સમાઈ જાય છે:
(૧) જપ (૨) સ્મરણ (3) વિચિન્તન અને (૪) ધ્યાન.

**મંત્રજાપ કરતાં પૂર્વે ભાવના ભાવવી કે:**

'માતાની ગોદમાં બાળકની જેમ હું પ્રભુની ગોદમાં બેઠો છું.
મને તેમનું અસીમ વાત્સલ્ય પ્રાપ્ત થયું છે.
હું પૂર્ણ નિરાપદ છું, મારી અંદર સુખોની વર્ષા થાય છે.
હું આનંદથી ગદ્‌ગદિત થયો છું, તેમના પ્રકાશથી રોમરોમ પુલકિત બન્યા છે તથા સૃષ્ટિના અનંત સૌંદર્યથી હું મુગ્ધ બન્યો છું. ઉદય પામી રહેલો સૂર્ય, રંગબેરંગી ફૂલો, કલકલ નાદ કરતી નદીઓ, ઊંચા પર્વતો, હિમાચ્છાદિત શિખરો, ઝંકાર કરતાં ઝરણાં, ગાઢ જંગલો, ઉમટતાં વાદળો, અનંત લહેરાતો સાગર, એની હું અનુભૂતિ કરું છું.
મારા જીવનનો દોર મેં પ્રભુના હાથમાં સોંપી દીધો છે.'

ગમે તે મંત્રનું રટણ કરો, ગમે તે મંત્રનો જાપ કરો, તેમાં હૃદયની ઊંડી શ્રદ્ધાનું સિંચન થવાથી જ મંત્ર ફળે છે.

મંત્રના શબ્દો નહિ પરંતુ તેના શબ્દોમાં ઊંડી શ્રદ્ધા જ સર્વ દુઃખો દૂર કરી શકે, સર્વ સુખો મેળવી આપે છે. શબ્દશક્તિ - પુરુષશક્તિ બંને મળીને કાર્યસિદ્ધિ કરે છે.

## જપની સાથે અર્થભાવન

અર્થભાવન એટલે ગૂઢાર્થનો વિચાર.

પ્રણવના જપ અને ધ્યાનથી અંતર્મુખ ચેતના, સર્વ વિઘ્નોનો વિનાશ અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

ઇંદ્રિયો દ્વારા મનુષ્યોની ચૈતન્યશક્તિનો પ્રવાહ જે બહિર્મુખ થાય છે, તે જપ દ્વારા અંતર્મુખ થઈને આત્મદર્શન કરાવે છે, એને 'પ્રત્યક્ ચેતના' કહે છે.

સમસ્ત યજ્ઞોમાં જપયજ્ઞ અતિ ઉત્તમ છે.

જપ = ઉચ્ચારણે । તે બોલવું અર્થમાં છે.

વગર ગાયત્રીના જાપ પ્રાયઃ અફળ જઈ શકે છે.

## ચિતાસાધનામાં કયા જાપ કેટલાં કરવા?

ચિતાસાધનામાં એકાક્ષર મંત્ર ૧૦ હજાર, દ્વ્યક્ષર મંત્ર ૮ હજાર, ત્ર્યક્ષર મંત્ર ૫ હજાર અને ચતુરક્ષર મંત્ર ૮ હજાર જપવાનું કહ્યું છે.

મહાનિશાથી લઈ સૂર્યોદય પર્યંત જપ કરાય છે. ક્યારેક જપથી આકૃષ્ટ થઈ દેવતા આવે છે - વર આપે છે.

## મંત્રના સાઇફરો એ ઔષધિ

શબ્દ જુદા જુદા હતાં, તે મંત્રજાપમાં એક બની ગયા.
એક બન્યાં, એટલે એની દિવ્યશક્તિઓ પ્રગટ થઈ.
આ બધું કાર્ય શબ્દોએ કર્યું,
માટે તે શબ્દો અચિન્ત્ય શક્તિવાળા છે, તેથી
તેને શબ્દ ન મનાય પણ અચિન્ત્ય શક્તિ મનાય.
આપ સૌને આશીર્વાદ આ સિદ્ધાંતથી કામ કરે છે.
તેમાં આપનારની સંકલ્પશક્તિ કામ કરતી હોય છે.
માનસજાપ વખતે જ્યારે દેવ - ગુરુ - પ્રભુ - શબ્દ
વગેરેની એકતા થાય છે, ત્યારે મંત્ર સૂક્ષ્મ બને છે.
વૈખરી - ઉપાંશુ એ સ્થૂલ, માનસજાપ એ સૂક્ષ્મજાપ છે.
માનસજાપ અંતરંગ સંબંધ બંધાવે છે.
દેવ - ગુરુ - પ્રભુ વગેરે સાથે સાઇફરી સંબંધ કરાવે
છે, એટલે કાર્ય સાઇફરીએ કરવાનું છે, આપણે નહીં.
જેમ કામ દવા કરે છે, દવાનું ચિન્તન નહીં, તેમ
કર્મરોગ મટાડવા માટે આ મંત્રના સાઇફરો એ ઔષધિ છે.

## મંત્ર એટલે મંત્રણા.

જો સૂક્ષ્મ માનસજાપમાં જઈએ, તો
આખરી મંત્ર બની જાય, તેમાં આત્માસહિત જવાય.
હરેકમાં અનાહત નાદ એકધારો ચાલતો જ હોય છે,
પરન્તુ જ્યારે બોલીએ છીએ, ત્યારે
તે સૂક્ષ્મ ધ્વનિમાંથી બહાર આવીએ છીએ. તે શક્તિનો
બહારમાં ઉપયોગ વ્યય થશે, તે સૃષ્ટિક્રમ કહેવાય અને
તેથી કર્મનો આશ્રવ થાય. પણ જ્યારે તે સૂક્ષ્મ ધ્વનિ
અંદર જ રહે, ત્યારે તે કર્મનો અવશ્ય સંહાર કરે છે.
આપણે મૌનપણે સ્મરતાં તે મંત્ર અનાહત નાદમાં
લઈ જાય, તેથી જે કર્મનિર્જરા થાય, તે સંહારક્રમ છે.
જ્યાં ગતિ હોય, ત્યાં ધ્વનિ હોય.
માનસજાપમાં સૂક્ષ્મ ધ્વનિ ચાલે છે, તેથી જાપ ચાલે છે,
એવું સંવેદન (ઉપયોગ-sense) રહે, સૂક્ષ્મ ધ્વનિનું
અવશ્ય રક્ષા કરે. આપણી સૂક્ષ્મતા થઈ, ધ્યાન ત્યાં રહ્યું,
જેમ બળતી વાટે એક જ ધ્યાન રહે છે, તેમ જ.

## સ્વાધ્યાયનું સાધન મંત્રજાપ છે.

તે મૌખિક, ઉપાંશુ, માનસિક અને અજપાજાપ એમ ચાર પ્રકારે છે. મુખથી ઉચ્ચારણ થાય, તે વૈખરી. કંઠગત ભાષા તે મધ્યમા, હૃદયગત તે પશ્યંતિ અને નાભિગત તે પરાવાણી ઇત્યાદિ છે.

જપનું સાધન સ્મરણ તથા ધ્યાન છે.
સ્મરણ સ્થિર જોઈએ તથા ધ્યાન પવિત્ર જોઈએ.

ચિત્તના વૃત્તિને શમાવવા માટે
ધ્યાન અને સ્મરણસિદ્ધિની ખાસ આવશ્યકતા છે.

પરમાં મારાપણાંની બુદ્ધિ તે મિથ્યાત્વ, કિન્તુ પરમાં પરપણાંની બુદ્ધિ અને સ્વમાં સ્વત્વબુદ્ધિ, તે સમ્યક્ત્વ - સમતાભાવનો પરમ હેતુ છે. નાભિગત પરાવાણીથી થતાં અજપાજપમાં જપનો પ્રયત્ન કર્યા વિના પણ અખંડ જપ ચાલતો જ હોય છે, તેથી શરીરના સર્વ રોમેરોમમાં પ્રભુનું - ઇષ્ટદેવનું રટણ ચાલી રહ્યું હોય છે. આ જાપ વિષયવિકારોનો સંપૂર્ણ નાશ કરનારો છે.

## મંત્રજાપનો અનધિકારી - અધિકારી કોણ ?

સતત જપ કરતાં રહેવાથી બોધિ પ્રજ્ઞા સમાધિ મહાપ્રજ્ઞામાં પ્રવેશ કરવા સમર્થ બને. વિવેક - વૈરાગ્ય - વિહીન આત્મા સાત્વિક મંત્રજાપનો અનધિકારી છે.

બુદ્ધિને પરિમાર્જિત અને હૃદયને વિકસીત કરવાથી મંત્રજાપની અધિકારિતા પ્રાપ્ત થાય છે.

માલામંત્ર = લાંબો મંત્ર.

સકલ જપ = પ્રયત્નપૂર્વકનો ઉચ્ચાર.

નિષ્કલ જપ = સહજ માનસ જપ.

અંતર્જલ્પરૂપ મનન પરતત્ત્વ પ્રાપ્તિનો ઉપાય છે.

ઉપેય અને ઉપાય કથંચિત્ અભિન્ન છે.

જપ એક પ્રકારનું સ્મરણ જ છે.

વાચિક જપ એ માનસિક જપનું એક અંગરૂપ છે.

ભાષ્યજાપથી નિર્મળતા, ઉપાંશુજાપથી સ્થિરતા અને માનસજાપથી તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

જપસાધનાની પરમસિદ્ધિ = આત્મસ્વરૂપમાં સ્થિતિલાભ.

ભગવન્નામ એક વસ્તુ છે, તેથી વસ્તુસ્વભાવના કારણે
ઉચ્ચરિત થવાની સાથે જ પાપનો ક્ષય કરે છે.
શ્રદ્ધા અને એકાગ્રતા સહિત હોય તો પૂછવું જ શું ?
કોઈપણ પદાર્થનો સ્વાભાવિક ગુણધર્મ પોતાને પ્રગટ કરે જ.
ભગવન્નામનો પણ પોતાનો ગુણસ્વભાવ છે.
પ્રભુનામમાં સર્વ પાપોને સમૂળ નષ્ટ કરવાની અને
માનવ આત્માને એકાંત આનંદના ક્ષેત્રમાં પહોંચાડવાની
પ્રાકૃતિક અને પ્રચ્છન્ન શક્તિઓ રહેલી છે.
જાપ વ્યક્તિગતની એક સાર્વજનિક ઉપાસના પણ છે.
સાધારણ મનઃસ્થિતિ મૂકીને નિર્વિકલ્પ સમાધિ
સુધી લઈ જવાની શક્તિ મંત્રના જાપમાં રહેલી છે.
આ દૃશ્ય જગતથી અધિક વ્યાપક - સબળ
બીજું એક સૂક્ષ્મ જગત પણ છે,
જેને આ ઇંદ્રિયો સાધારણ સ્થિતિમાં જાણી શકતી નથી.
મંત્રોમાં રહેલ તે શક્તિ અદૃશ્ય જગતનો સંપર્ક કરાવે છે,
એટલું જ નહીં, કિન્તુ તેમાં ગતિ પણ કરાવે છે.

જાપને ફળદાયક બનાવવા માટે બે વસ્તુની જરૂર છે:

(૧) પૂર્ણ આસ્થા (૨) તટસ્થતા.

આસ્થા તીવ્ર અને શીઘ્ર પરિવર્તન લાવે છે.

તટસ્થવૃત્તિ મંત્રના પ્રભાવને પોતાને અનુરૂપ કરી લે છે.

મનુષ્યના મસ્તિષ્ક અને શરીરમાંથી પ્રતિક્ષણ ચુંબકીય ધારાઓ સતત નીકળતી અને પરસ્પર ટકરાતી રહે છે. મંત્ર એ એક વિશિષ્ટ પ્રકારની જે ચુંબકીય ધારાઓને ઉત્પન્ન કરે છે, તેની સાથે જ્યારે આપણી તપસ્યા ઉગ્ર બને છે, ત્યારે આપણી સાથે તે તરંગો મંત્ર દ્વારા ટકરાય છે કે જે આપણને અલિપ્ત જ હોય છે.

મંત્રના નિરંતર ઘર્ષણથી પ્રકૃતિના સર્વ અજ્ઞાત રહસ્યો ખુલવા લાગે છે અને આનંદના અતિરેકથી સાધકના મનને તે મંત્રચૈતન્યની અખંડધારા આલિપ્ત કરી દે છે.

મંત્રની ક્રિયા તે મંત્રને જલ્દી યા વિલંબે

સફળ અથવા નિષ્ફળ બનાવી દે છે,

કારણકે તેમાં એક નહીં, પરન્તુ ઘણા વસ્તુઓ હોય છે.

એ વિષયમાં સર્વ શાસ્ત્રો એકમત છે કે:
પ્રાણીમાત્રને પવિત્ર કરનાર એક જ સર્વગ્રાહ્ય અને સર્વસુલભ ઉપાય ભગવાનનું નામ જ છે, જેને ઋષિ - મહર્ષિઓની જન્મજન્મની તપસ્યા અને મહાસમાધિઓમાંથી નીકળેલું નવનીત માને પ્રભુનું નામ.

પ્રભુનું નામ લેવાથી ચાર પ્રકારના અધ્યાસ તૂટે:

(1) શરીરાધ્યાસ = જન્મ - મૃત્યુનો ભય.
(2) પ્રાણાધ્યાસ = ક્ષુધા - તૃષાનો ભય.
(3) ઈન્દ્રિયાધ્યાસ = સંયોગ - વિયોગનો ભય.
(4) બુદ્ધિ અધ્યાસ = કર્તા - ભોક્તાનો ભય.

## જાપનો પ્રભાવ

'जापाज्जयेत्क्षयमरोचकमग्निमांद्यं
कुष्ठोदरामकसन श्वसनादि रोगान् ।
प्राप्नोति चाऽप्रतिमवाग् महतीं महद्भ्यः
पूजां परं च गतिं पुरुषोत्तमाप्ताम् ॥१॥'

- યોગશાસ્ત્ર ટીકા, પ્ર० ८

# शब्दब्रह्मी सरस्वती स्तुति

शुद्ध स्फटिकरूपायै सूक्ष्मरूपे नमो नमः ।
शब्दब्रह्मी चतुर्हस्ते सर्व सिद्ध्यै नमो नमः ॥

❖

सरस्वती सरसिज केसरप्रभा
तपस्विनी सितकमलासनप्रिया ।
श्रुतजननी कमलविलोललोचना
मनस्विनी भवतु वरप्रसादिनी ॥

❖

मंत्र : ॐ ह्रीं क्लीं ब्लीं श्रां हसकल ह्रीं ऐं नमः ।

❖

Oh Devi Saraswati, you have been
imparting knowledge to us
from your vast ocean.
Please adorn this universe
with your immense intellect.

ब्रह्मप्रिया, ज्योतिर्मया, कमलकेश शुचिचन्द्र ।
उज्ज्वल निष्ठां रश्मिरश्मी, विष्णुसुता, ज्ञानेन्द्र ॥

❖

चमकी चन्द्रिका चहुं दिश पंकजपग आघात ।
तार, तान, शृंगार, स्वर, शोभित वीणा हाथ ॥

❖


धवलवसन हिमशिखर जिम, चंद्रवदन सिंगार ।
ज्योत्सना निरखत नयन, ज्ञानोदर अनुहार ॥


❖

ज्ञान निर्झरणी, नीरजा, सुरश्रुति, सुहासिन स्वान ।
पदसरोज, कर कुसुम ते, कलुष तिरोहित ज्ञान ॥

❖

जनक जननि पद्मरज, निज मस्तक पर धरि ।
बन्दो मातु सरस्वति, बुद्धि बल दे दातारि ।
पूर्ण जगत में व्याप्त तव, महिमा अमित अनंतु ।
दुष्ट जनों के पाप को, मातु तु ही अब हन्तु ॥


શ્રી સિદ્ધચક્ર મહાયંત્ર




ઉં = વાદળી રંગના આજ્ઞાચક્રમાં બે પાંખડીઓવાળા
કમળ તરીકે સ્થિત છે. સ્પષ્ટ વિચાર અને
આધ્યાત્મિક જાગૃતિની મંજૂરી આપનાર આ બીજાક્ષર છે.

www.fiestadesigns.in